RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 312, Dt.22-02-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# અમુલને વિશ્વની નં.૧ ડેરી બનાવવાની મોદીની ગેરંટી

## લોકસભાની ચૂંટણી પૂર્વે વડાપ્રધાન મોદીની બે તબકકાની ગુજરાત મુલાકાતનો આજથી પ્રારંભઃ રૂા.૪૪ હજાર કરોડના વિકાસ કામોની રાજ્યને ભેટઃ અમદાવાદમાં અમુલના ગોલ્ડન જયુબેલી કાર્યક્રમમાં માલધારી સમુદાયને સંબોધનઃ સ્ટેડિયમમાં મોદી મોદીના નારા લાગ્યા





**મુખ્ય સમાચાર, અમદાવાદ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાતની મુલાકાતે છે. સવારે ૧૦:૨૦ વાગ્યે અમદાવાદ એરપોર્ટ ઉપર પહોંચ્યા હતા. જ્યાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને અમદાવાદના મેયર પ્રતિભા જૈન દ્વારા તેઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં અમૂલ ફેડરેશનના ગોલ્ડન જ્યુબિલી કાર્યક્રમમાં હાજરી આપી હતી. અહીં ઓપન જીપમાં નરેન્દ્ર મોદી ભૂપેન્દ્ર પટેલ અને સી.આર. પાટીલ સાથે સવાર થઈ ખેડૂતો અને લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. બાદમાં નરેન્દ્ર મોદીએ પ્રાસંગિક સંબોધન કર્યું હતું. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, પશુપાલકો માટે ૩૦ હજાર કરોડનું એક અલગ ફંડ બનાવ્યું છે. ૧૦ લાખ કરોડ ટર્નઓવરવાળી ડેરી સેક્ટરની મોટી કર્તાધર્તા આપણી માતાઓ અને બહેનો છે.

આ કાર્યક્રમને લઈને વહેલી સવારથી જ રાજ્યનાં વિવિધ શહેરો અને જિલ્લાઓમાંથી ખેડૂતો વડાપ્રધાનના કાર્યક્રમમાં પહોંચ્યા હતા. સ્ટેડિયમની અંદર અને બહારના ભાગે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ લોકોથી ખીચોખીચ ભરાઇ ગયું હતું.

નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, સરકારે ૬૦ હજારથી વધુ અમૃત સરોવર બનાવ્યા છે. અમારો પ્રયાસ છે કે ગામડાના નાનામાં નાના ખેડૂતને આધુનિક ટેકનોલોજીથી જોડવામાં આવે. લાખો 'કિસાન સમૃદ્ધિ કેન્દ્ર' સ્થાપ્યા છે. અમારી સરકાર ખેડૂતોને સોલાર પંમ્પ આપી રહી છે. દેશમાં ૧૦ હજાર ખેડૂત સંઘ છે. પશુપાલકો માટે ૩૦ હજાર કરોડનું એક અલગ ફંડ બનાવ્યું છે. અમુલ દુનિયાની ૮મી સૌથી મોટી ડેરી છે, આપણે એક નંબર પર લઈ જવાની છે.

નરેન્દ્ર મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, ડેરીમાં પણ મહિલાઓની સંખ્યા વધી રહી છે. આજે હું અમુલની પ્રશંસા કરું છું. પશુપાલકોને તેના ખાતામાંથી પૈસા કાઢવા માટે બહુ દૂર નહીં જાવું પડે. ગાંધીજી કહેતા હતા કે, ભારતની આત્મા ગામડામાં વસે છે. અમારુ ફોકસ છે પશુઓનું સ્વાસ્થ્ય કેવી રીતે સારુ રહે, ખેડૂતો કેવી રીતે ધનવાન બને. આ વિચાર સાથે અમે પહેલીવાર ખેડૂતોને 'કિસાન ક્રેડિટ કાર્ડ'ની સુવિધા પૂરી પાડી છે. ભાજપ સરકાર રાષ્ટ્રીય ગોકુલ માધ્યમથી દૂધાળા પશુઓને સુધારવાનું કામ કરે છે. ગઈકાલે અમારી કેબિનેટની બેઠક મળી હતી. જેમાં નેશનલ લાઇવ મિશન હેઠળ દેશી પ્રજાતિને બચાવવા માટે જાહેર કર્યું છે. સરકારે પશુધનનો વીમો કરવા માટે પ્રિમિયમની રકમ ઓછી કરવાનો નિર્ણય લીધો છે.

નરેન્દ્ર મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, અમુલે સફળતા હાંસલ કરી છે એ મહિલાશક્તિને કારણે. ભારતના ડેરી સેક્ટરની સફળતા મહિલાઓ માટે મોટી પ્રેરણા છે. ભારતને વિકસિત બનાવવા માટે દરેક મહિલાની આર્થિક શક્તિ વધવી એટલી આવશ્યક છે. મહિલાની આર્થિક શક્તિ વધારવા માટે અમારી સરકારી ચારેબાજુ કામ કરી રહી છે. છેલ્લા ૧૦ વર્ષમાં ભાજપ સરકારે મહિલાઓને ૬ લાખ કરોડની આર્થિક મદદ કરી છે. ૪ કરોડ ઘર આપ્યા છે એમાં મોટાભાગના ઘરો મહિલાઓના નામે છે. તમે 'નમો ડ્રોન દીદી' અભિયાનનું નામ સાંભળ્યું હશે. આ અભિયાન હેઠળ ગામડાઓમાં ૧૫ હજાર આધુનિક ડ્રોન મહિલાઓને દેવામાં આવી રહ્યા છે. જેની ટ્રેનિંગ મહિલાઓને આપવામાં આવી રહી છે. એ દિવસો દૂર નથી કે આપણી માતાઓ, બહેનો અને દીકરીઓ પોતાના ખેતરમાં ડ્રોનથી ખાતર અને દવા છંટકાવ કરશે.

નરેન્દ્ર મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલના માર્ગદર્શનમાં ખેડામાં દૂધ ઉત્પાદકની શરૂઆત કરાઇ હતી. આજે દુનિયાના સૌથી મોટા દૂધ ઉત્પાદક દેશોમાં ભારત પહેલા નંબરે છે. છેલ્લા ૧૦ વર્ષમાં ભારતમાં દૂધ ઉત્પાદકમાં ૬૦ ટકા વૃદ્ધિ કરી છે. દુનિયાના દેશોમાં ડેરી સેક્ટર માત્ર બે ટકાના દરથી આગળ વધે છે. જ્યારે ભારત ૬ ટકા દરથી આગળ વધે છે. ભારતના ડેરી સેક્ટરની સૌથી મોટી વિશેષતા છે જેની ચર્ચા થતી નથી.

## હવે ઓર્ગેનિક ખાદ્ય ઉત્પાદનોનું કડક પરિક્ષણ થયા બાદ જ બજારમાં વેચાશે

### ખાદ્ય પદાર્થોની ચકાસણી માટે સરકારે ૯૦ લેબોરેટરીઓને અપગ્રેડ કરવા નિર્ણય લીધો




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્ર અને રાજ્ય સરકારને આધિન સરકારી ખાદ્ય પરીક્ષણ પ્રયોગ શાળાઓમાં હવે ઓર્ગેનીક (જૈવિક) ફૂડ ઉત્પાદનોની તપાસ કરવામાં આવશે. મતલબ, ઓર્ગેનીક ફૂડ ઉત્પાદન હવે આપની થાળીમાં સરકારી લેબોરેટરીની તપાસમાં લીલીઝંડી મળ્યા બાદ જ પહોંચશે.

સરકારે કેન્દ્ર અને રાજ્યને આધિન આવી ૯૦ લેબોરેટરીઓને અપગ્રેડ કરી તેની ક્ષમતાઓને વધારવાનો નિર્ણય લીધો છે તેના માટે ૧૦૫ કરોડ રૂપિયાના રોકાણની યોજના બનાવાઈ છે.

મામલાથી માહિતગાર લોકોએ જણાવ્યું હતું કે કેરળ, કર્ણાટક, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને હરીયાણામાં લેબોરેટરીઓને પૈસા ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમાં ૧૨ રાજ્ય અને ૧૨ કેન્દ્રીય અનુસંધાન સંસ્થા પ્રયોગશાળાઓ છે અન્ય ૬૬ પ્રયોગશાળાઓને એફએસએસએઆઈ દ્વારા ઉન્નત કરવામાં આવશે

## લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસને આવકવેરા વિભાગનો ઝટકો, રૂ.૬૫ કરોડ વસૂલ્યા

### કોંગ્રેસ પાસેથી ટેક્સ પેટે ૧૧૫ કરોડ રૂપિયા લેવાના બાકી હતા, જેમાંથી ૬૫ કરોડ વસૂલાયાઃ કોંગ્રેસે કાર્યવાહી મુદ્દે આવકવેરા એપેલેટ ટ્રિબ્યુનલમાં ફરિયાદ નોંધાવી






**મુખ્ય સમાચાર, મુંબઈ**

લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસને મોટો આંચકો લાગ્યો છે. આવકવેરા વિભાગે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પાસેથી ૧૧૫ કરોડ રૂપિયાની બાકી ટેક્સની વસૂલી પેટે ૬૫ કરોડ રૂપિયા વસૂલ્યા છે. વિભાગે મંગળવારે કોંગ્રેસ પાર્ટીના બેંક ખાતામાંથી આ વસૂલી કરી છે. વિભાગે ટેક્સની વસૂલાત કરવા માટે કોંગ્રેસના એકાઉન્ટની ઓળખ કરી હતી, ત્યારબાદ આ કાર્યવાહી કરાઈ હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ આઈટી વિભાગે કોંગ્રેસના એકાઉન્ટમાંથી ૧૧૫ કરોડની વસૂલાતની ઓળખ કરી હતી. હવે આ મામલે કોંગ્રેસે ખોટી રીતે વસૂલી કરવાનો આક્ષેપ કરી ફરીયાદ નોંધાવી છે. કોંગ્રેસના વકીલોએ આવકવેરાની કાર્યવાહીનો વિરોધ કરીને આવકવેરા એપેલેટ ટ્રિબ્યુનલમાં ફરિયાદ નોંધાવી છે.

કોંગ્રેસે ફરિયાદમાં આક્ષેપ કર્યો છે કે, આવકવેરા વિભાગે બેન્ચ સમક્ષ સુનાવણીના પરિણામોની રાહ જોયા વગર આ કાર્યવાહી કરી છે. આ અગાઉ પણ પાર્ટીના બેંક ખાતામાંથી વસૂલાતની કાર્યવાહી કરાઈ છે.

કોંગ્રેસે એવી પણ દલીલ કરી છે કે, આઈટી વિભાગે અગાઉ સ્ટે અરજી કરી હતી અને હજુ સુધી તેનો નિકાલ પણ થયો નથી. જ્યાં સુધી નિકાલ ન આવે ત્યાં સુધી તેણે વસૂલીની રાહ જોવાની જરૂર હતી, પરંતુ તુરંત કાર્યવાહી કરવામાં આવી છે. આવકવેરા એપેલેટ ટ્રિબ્યુનલે કેસની સુનાવણી સુધી યથાસ્થિતિ જાળવી રાખવાનો નિર્દેશ પણ આપ્યો હતો.

## 'લગ્નના આધાર પર કોઈને નોકરીથી છૂટા ન કરી શકાય', મહિલાઓના હિતમાં 'સુપ્રીમ' ચુકાદો

### મહિલાના લગ્ન થઈ જવાના કારણે તેને નોકરીમાંથી છૂટી કરી દેવી એ લિંગ ભેદભાવ અને અસમાનતાઃ સુપ્રીમ કોર્ટ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે મહિલાઓના હિતમાં મોટો ચુકાદો આપ્યો છે. ૨૬ વર્ષ જૂના કેસમાં સુનાવણી કરતા કોર્ટે કહ્યું કે, લગ્નના આધાર પર કોઈને નોકરીમાંથી છૂટા ન કરી શકાય. આજથી ૨૬ વર્ષ પહેલા લગ્નના આધાર પર એક મહિલા અધિકારીને માત્ર એટલા માટે નોકરીમાંથી છૂટી કરી દેવામાં આવી હતી કારણ કે, તેના લગ્ન થઈ ગયા હતા.

હવે સુપ્રીમ કોર્ટે આ મામલે સુનાવણી કરતા મહિલાના હિતમાં ચુકાદો આપ્યો છે. કોર્ટે સુનાવણી દરમિયાન કહ્યું કે, આ પ્રકારનો નિયમ ખૂબ જ મનસ્વી હતો. મહિલાના લગ્ન થઈ જવાના કારણે તેને નોકરીમાંથી છૂટી કરી દેવી એ લિંગ ભેદભાવ અને અસમાનતા છે.

આ મામલે સુનાવણી કરતા કોર્ટે કહ્યું કે, લગ્નના આધાર પર કોઈ પણ મહિલાઓને નોકરીમાંથી છૂટી ન શકાય. મહિલા કર્મચારીઓને લગ્નના આધાર પર પોતાના અધિકારથી વંચિત ન રાખી શકાય. તેને આધાર બનાવનારા નિયમો ગેરબંધારણીય છે. આ નિયમો પિતૃસત્તાક છે જે માનવ ગરિમાને નબળી પાડે છે.

આવા નિયમો નિષ્પક્ષ વ્યવહારના અધિકારને નબળા પાડે છે. આટલું જ નહીં કોર્ટે કેન્દ્ર સરકારને લગ્નના આધાર પર નોકરીમાંથી છૂટી કરી દેવામાં આવેલ સૈન્ય નર્સિંગ ઓફિસરને ૬૦ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો પણ આદેશ આપ્યો છે.

અરજદાર સેલિના જોન છેલ્લા ૨૬ વર્ષથી પોતાના અધિકાર માટે કાનૂની લડાઈ લડી રહી હતી. હવે કોર્ટના નિર્ણય સાથે તેમની લડાઈનો અંત આવ્યો છે. તેમની જીત થઈ છે અને અન્ય મહિલાઓને પણ અધિકાર મળ્યો છે. સૈન્ય નર્સિંગમાં સેવા આપતા સેલિના જોનને કોઈપણ કારણ બતાવો નોટિસ આપ્યા વિના નોકરીમાંથી છૂટી કરી દેવામાં આવી હતી. તે આર્મી હોસ્પિટલમાં તાલીમાર્થી તરીકે સામેલ થઈ હતી. તેમને ગખજમાં લેફ્ટનન્ટના પદ પર કમિશન આપવામાં આવ્યું હતું.

ત્યારબાદ તેમણે એક સેના અધિકારી મેજર વિનોદ રાઘવન સાથે લગ્ન કર્યા હતા. સુપ્રીમ કોર્ટે હવે ૨૬ વર્ષ બાદ તેને લિંગ ભેદભાવનો મામલો ગણાવ્યો છે અને મહિલાના હિતમાં નિર્ણય સંભળાવ્યો છે.

## રાજકોટ જિલ્લા પંચાયતની સામાન્યસભામાં ૮૪૫ કરોડના બજેટને લીલીઝંડી

### વિરોધપક્ષના નેતા અર્જુનભાઈ ખાટરીયાના ભાજપ પ્રવેશ બાદ મળી પ્રથમ સામાન્યસભા





(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ જિલ્લા પંચાયતની સામાન્યસભા આજે પ્રમુખ પ્રવિણાબેન રંગાણીના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં કારોબારી સમિતિ દવારા મંજૂર કરાયેલ ૮૪૫ કરોડના નવા વર્ષના બજેટને બહાલી અપાય હતી. આજે મળેલી સામાન્યસભામાં ગ્રામ્યવિસ્તારના વિકાસકામોને લઈ ચર્ચા થઈ હતી.

પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૪-૨૫નું બજેટ પુરાંત વાળુ છે. ગ્રામ્યપ્રજાની આરોગ્ય સુખાકારી હીતને ધ્યાનમાં લઈ આ બજેટ તૈયાર કરાયું છે. ગ્રામ્યપ્રજા પર કોઈપણ જાતના નવા કરવેરા નખાયા નથી. ૨૦૨૩-૨૪ના સુધારેલા અંદાજપત્રમાં સ્વભંડોળમાં રૂ.૧૭૨૫ લાખ, રાજયસરકાર તરફથી મળતા અનુદાનના રૂ.૮૦૫૨ લાખ અને દેવા વિભાગનું રૂ.૧૮૨૯ લાખન મળી કુલ ૮૪૪૦૭ લાખની જોગવાઈ છે. જ્યારે આવનાર વર્ષમાં આ જોગવાઈ ૮૪૫૧૦.૬૯ લાખની છે.

આજે મળેલી બેઠકમાં અયોધ્યામાં ભગવાન રામના પ્રતિષ્ઠા મહોત્સવની સમગ્રદેશમાં દિવાળીની જેમ ઉજવણી કરાઈ હતી. જે બદલ જિલ્લા પંચાયતના સદસ્યોએ વડાપ્રધાન મોદીનો ખાસ આભાર અને અભિનંદન ઠરાવ સામાન્યસભામાં કર્યો હતો. વધુમાં નવનિયુક્ત ડીડીઓ નવનાથ ગવ્હાણેનું સન્માન પણ કરાયું હતું આજે મળેલી સામાન્યસભામાં ડીડીઓ સહિત જિલ્લા પંચાયતના સદસ્યો ઉપસ્થિત રહ્યાં હતા. ખાસ કરીને વિરોધપક્ષના નેતા અર્જુનભાઈ ખાટરીયાના ભાજપ પ્રવેશ બાદ મળી પ્રથમ સામાન્યસભા મળી હતી.

## ભાજપમાં ભળી જાવ તો જ તમારા મત વિસ્તારના કામ થશે

### કોંગ્રેસના સદસ્ય મનસુખભાઈએ પ્રદેશ ભાજપના નેતા વિરુધ્ધ ર્ક્યો સણસણતો આક્ષેપ




(તસ્વીરઃ આનંદ જાવિયા)

આજે જિલ્લા પંચાયતની સામાન્યસભા મળી હતી. જેમાં કોંગ્રેસના વિંછિયા મતવિસ્તારના સદસ્ય મનસુખભાઈ પત્રકારો સમક્ષ જણાવ્યું હતું કે કોંગ્રસના સદસ્યોના મતવિસ્તારમાં કોઈ કામ થતા નથી. સ્વભંડોળમાંથી મળતી ગ્રાન્ટનો પણ ભાજપ શાસીત જિલ્લા પંચાયત દવારા ઉપયોગ કરાતો નથી. તેમણે પ્રદેશ ભાજપના એક ટોચના નેતાને આડે હાથ લઈ તેમના વિરુધ્ધ સણસણતો આક્ષેપ કરતા જણાવ્યું કે તેઓ દવારા જિલ્લા પંચાયતના સદસ્યોને ભાજપમાં ભળી જવા દબાણ કરવામાં આવી રહ્યું છે. વધુમાં તેઓએ જણાવ્યું કે આ નેતાએ કોંગ્રસના સદસ્યોને ઓફર કરી છે કે, જો તેઓ ભાજપમાં ભળી જશે તો તેઓના મતવિસ્તારના કામ ત્વરીત કરવામાં આવશે અન્યથા કોઈ કામ હાથ નહિં ધરાય ઉલ્લેખનીય છે કે, હાલ રાજકોટ જિલ્લા પંચાયતમાં કુલ ૩૬ સભ્યોમાંથી સાત સભ્યો જ માત્ર કોંગ્રેસના છે.

## બજેટ ઉડતી નજરે

સને ૨૦૨૪-૨૫નાં અંદાજપત્રમાં સ્વભંડોળમાં વિવિધ ક્ષેત્રમાં કરવામાં આવેલ વિશિષ્ટ જોગવાઇ નીચે મુજબ છે.

(૧) શ્રેષ્ઠ ગ્રામ પંચાયત પસંદગી સ્પર્ધા માટે ૨૨ લાખની જોગવાઇ કરવામાં આવે છે

(૨) ઉતમ તાલુકા પંચાયત પ્રોત્સાહન યોજના માટે ૫ લાખની જોગવાઇ કરવામા આવે છે

(૩) વિકાસનાં કામો માટે ૭ કરોડ ૯૨ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૪) પ્રાથમિક શાળાઓમાં સ્માર્ટ ક્લાસ બનાવવા માટે માટે ૨૦ લાખની જોગવાઇ કરવામાં આવે છે.

(૫) રાજકોટ જિલ્લાને કુપોષણ મુક્ત કરવાના અભિયાનના ભાગરૂપે ઈંઈઉજ વિભાગમાં કુપોષિત બાળકોને પોષણક્ષમ અને પ્રોટીનયુક્ત આહાર પુરો પાડવા માટે ૨૦ લાખની જોગવાઇ કરવામાં આવે છે

(૬) પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે ૨ લાખની જોગવાઈ કરવામા આવે છે.

(૭) સામાજિક ન્યાય નિધિમાં તબદીલ કરવાની રકમ ૪૦ લાખની જોગવાઇ કરવામા આવે છે

(૮) તળાવો અને બંધારાની નહેરો અને તેના દેખરેખના કામો માટે ૨૮ લાખની જોગવાઇ કરવામા આવે છે.

(૯) પુર સંરક્ષણ દિવાલો અને પાળાના મરામતના કામો માટે ૧૦ લાખની જોગવાઇ કરવામા આવે છે.

(૧૦) જિલ્લા પંચાયત રાજકોટ હેઠળનાં વિસ્તારમાં રહેતા દેશની સુરક્ષા માટે ફરજ બજાવતા શહિદ થયેલા સૈનિકના પરીવારને રૂ.૧ લાખ ચુકવવા ૫ લાખની જોગવાઇ કરવામાં આવે છે.

# રેસકોર્ષ રીંગ રોડને જોડતા ૧૪ માર્ગો પર નો એન્ટ્રી-નો પાર્કિંગ

## વડાપ્રધાનના કાર્યક્રમ પૂર્વે પોલીસ કમિશનરે જાહેરનામુ બહાર પાડ્યું: ૨૫ તારીખ સાંજ સુધી અમલવારી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રેસકોર્સ ખાતે સભા યોજાનાર હોય પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે જેમાં ૧૪ રસ્તા પર નો પાર્કિંગ અને નો એન્ટ્રી તેમજ પાર્કિંગની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે આ જાહેરનામું ૨૪ તારીખે ૬ કલાક સુધી અને ૨૫ તારીખે સવારે ૧૧ વાગ્યાથી સાંજે કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

જાહેરનામામાં જણાવ્યું છે કે ગીતગુર્જરીથી રેસકોર્સ તરફ, આમપાલી બ્રિજથી જુના એનસીસી ચોક તરફ, ટ્રાફિક શાખાથી જુના એનસીસી ચોક તરફ, એસપી બંગલોથી રીંગ રોડ તરફ, બહુમાળીથી રેસકોર્સ રીંગ રોડ તરફ, ચાણક્ય બિલ્ડીંગથી બહુમાળી ભવન તરફ, સર્કીટ હાઉસથી ગેલેક્સી બિલ્ડીંગ તરફ, પારસી અગીયારી ચોકથી જીલ્લા પંચાયત-કિશાનપરા ચોક તરફ, ઠક્કરબાપા છાત્રલાયથી જીલ્લા પંચાયત તરફ, હરિભાઈ હોલથી વિરાણી ચોક તરફ, ગોડાઉન ચોકથી મહિલા કોલેજ બીજ તરફ, કોટેચા ચોકથી મહિલા કોલેજ બીજ-કિશનપરા ચોક તરફ, આમપાલી અન્ડરબ્રીજ અને કિશાનપરા ચોક તરફ, ભોમેશ્વર મંદિરથી એરપોર્ટ ફાટક તરફ તમામ વાહનોને નો એન્ટ્રી અને નો પાર્કિંગ જાહેર કરેલ છે જયારે ગીતગુર્જરીથી લક્ષ્મીનગર બીજ તરફ, ચાણક્ય બિલ્ડીંગથી શ્રોફ રોડ તરફ સહીત છ રસ્તા ઉપરથી જઈ શકાશે.

આ ઉપરાંત સભામાં આવતી બસો માટે વિરાણી ગ્રાઉન્ડ, ડીએચ કોલેજ, ચૌધરી ગ્રાઉન્ડ, સ્પેશ્યલ હોમ ફોર બોયઝ, મોરબી હાઉસ પાર્ટી પ્લોટ અને શાસ્ત્રી મેદાન ખાતે, વીઆઈપી માટે માધવરાવ સિંધિયા ગાઉન્ડ બહાર, બહુમાળી ભવન, ઇન્ડોર સ્ટેડીયમ, ગોસલીયા માર્ગવાળી શેરી, એસપી બંગલોવાળી શેરી, સર્કીટ હાઉસ સામે, એસબીઆઈ ગ્રાઉન્ડ, રિલાયન્સ ગ્રાઉન્ડ, બાલભવન અંદર તેમજ કાર-બાઈક માટે ગીતગુર્જરી સોસાયટી બગીચા પાસે, બગીચા સામે, એરપોર્ટ ફાટક પાસે, કેન્સર હોસ્પિટલ ગ્રાઉન્ડ, શારદા બાગ પાસે સહીત ૧૨ સ્થળે પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે આ જાહેરનામું શનિવારે સવારે ૧૧થી ૫ સુધી અને રવિવારે સવારે ૧૧થી કાર્યક્રમ પૂરો ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

# મોરબીના અણીયારી જેતપર રોડ ઉપરથી વિદેશી દારૂ ભરેલી ક્રેટા કારને ઝડપી લેતી ક્રાઈમ બ્રાંચ

## પોલીસે ઇંગ્લીંશ દારૂની ૩૭૬ બોટલ તથા ક્રેટા કાર સાથે એકને દબોચ્યો, અન્ય ત્રણના નામ ખુલ્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એલસીબી/પેરોલ ફર્લો સ્ક્વોડ નાઈટ રાઉન્ડ કોમ્બીંગમાં હોય ત્યારે મળેલ બાતમીને આધારે અણિયારી-જેતપર રોડ ઉપરથી વિદેશી દારૂ ભરેલી ક્રેટા કાર ઝડપી લેવાઈ હતી. આ સાથે ક્રેટા કારમાંથી વિદેશી દારૂની ૩૭૬ નંગ બોટલ તથા કારના ચાલકની અટકાયત કરવામાં આવી હતી. પકડાયેલ ક્રેટા કારના ચાલકની પ્રાથમિક પૂછતાછમાં અન્ય ત્રણ શખ્સોના નામ ખુલતા તેમને ફરાર દર્શાવી કુલ ચાર આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.હેઠળ ગુનો દાખલ કરી ફરાર આરોપીઓને પકડી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ મોરબી એલસીબી/પેરોલ ફર્લો સ્ક્વોડ પોલીસ સ્ટાફ જનરલ નાઈટ રાઉન્ડમાં હોય તે દરમ્યાન પો.હેડ કોન્સ. ચંદુભાઇ કાણોતરા, ભરતભાઇ જીલરીયા, પો.કો. દશરથસિંહ પરમાર, તેજસ વિડજાને




સયુંકતમાં ખાનગીરાહે બાતમી મળેલ કે અણીયારી - જેતપર રોડ ઉપર સફેદ હ્યુંડાઇ ક્રેટા કાર નં. જીજે-૦૬-પીએચ-૨૧૧૨ માં પરપ્રાંતમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરી મોરબી તરફ આવનાર છે તેવી ચોકકસ અને ભરોસાપાત્ર હકીકત મળેલ હતી.

મળેલ બાતમીને આધારે અણિયારી-જેતપર રોડ ઉપર મોરબી ક્રાઇમ બ્રાંચ પોલીસ સ્ટાફ વોચમાં હોય ત્યારે ત્યાંથી પસાર થયેલ ક્રેટા કાર રજી. નં. જીજે-૦૬-પીએચ-૨૧૧૨ને રોકી તેની તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૩૭૬ નંગ બોટલ ઝડપી લેવાઈ હતી. આ સાથે પોલીસે સ્થળ ઉપરથી ક્રેટા કાર ચાલક નગારામ ભગવાનરામ ચૌધરી ઉવ.૩૧ રહે. રામજી કા ગોલ ફાટા,તા.ગુડામાલાણી જી. બાડમેર રાજસ્થાનની અટક કરી હતી. જયારે વિદેશી દારૂના જથ્થો મોકલનાર, મંગાવનારની પ્રાથમિક પૂછપરછમાં અન્ય આરોપી ત્રણ આરોપી નરેશકુમાર મલાજીભાઇ પઢીયાર રહે. શેરપુરા તા. ડીસા જી. બનાસકાંઠા, જમારામ ઉર્ફે જગમાલ જેઠારામ પ્રજાપતિ રહે. તેજીયાવાસજી.બાડમેર રાજસ્થાન, યશપાલસિંહ ધનુભા જાડેજા રહે.ખાનપર તા.જી. મોરબીના નામ ખુલવા પામ્યા હતા. હાલ એલસીબી પોલીસે ક્રેટા કાર કિ.રૂ.૭ લાખ તથા વિદેશી દારૂની ૩૭૬ નંગ બોટલ કિ. ૧,૩૭,૬૨૦/- સહીત કુલ રૂ. ૮,૪૨,૬૨૦/-નો મુદામાલ કબ્જે લઇ તમામ આરોપીઓ સામે તાલુકા પોલીસ મથકમાં પ્રોહી.ગુનો દાખલ કરી ફરાર આરોપીઓને ઝડપી લેવા કવાયત હાથ ધરી છે.

# જામનગરના લાલ બંગલા સર્કલમાં હડતાલ પર ઉતરેલા ખાનગી કંપનીના કર્મચારીઓની હડતાલ સમેટાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરના લાલ બંગલા સર્કલમાં ખાનગી કંપનીના સફાઈ કામદારો હડતાલ પર ઉતરેલા હતા. છેલ્લા ૫૫ દિવસની લડત બાદ જામનગર મહાનગરપાલિકાના અધિકારીઓ તથા પદાધિકારીઓની મધ્યસ્થીને લઈને સમાધાનકારી વલણ અપનાવાયું હતું, અને સફાઈ કામદારોના પારણા કરાવાયા હતા, અને હડતાલ સમેટાઈ છે.જામનગર મહાનગરપાલિકા દ્વારા ગાર્બેજ કલેક્શન માટે ખાનગી કંપનીને કોન્ટ્રાક્ટ અપાયો છે, જે કંપનીના ૧૦૫ જેટલા કર્મચારીઓ છેલ્લા ૫૫ દિવસથી પોતાની વિવિધ માંગણીઓને લઈને હડતાલ પર ઉતરેલા હતા, અને આંદોલન ચલાવાયું હતું. તે આંદોલનનો આખરે અંત આવ્યો છે.જામનગર મહાનગરપાલિકાના મ્યુનિ. કમિશનર ડી.એન.મોદી , મેયર વિનોદ ખીમસુર્યા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશ કગથરા, ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા, શાસક જૂથના નેતા આશિષ જોષી, દંડક કેતન નાખવા વગેરે દ્વારા છેલ્લા ૧૫ દિવસના પ્રયત્નોને અંતે આખરે ગઈકાલે સમાધાન સધાયું હતું, અને લાલ બંગલા સર્કલમાં તમામ કર્મચારીઓના પારણા કરાવાયા હતા. કંપની દ્વારા લેખિતમાં ખાતરી અપાઇ હતી અને ૫૦ ટકા થી વધુ કર્મચારીઓને ફરીથી ફરજ પર લઈ લેવા સહમતિ સધાઈ હતી. ત્યારબાદ બાકીના કર્મચારીઓને પણ ફરજ પર લેવા જણાવ્યું હતું. સાથો સાથ તેઓના અન્ય પ્રશ્નો અંગે પણ સહમતિ સધાઈ હતી. બંને પક્ષે કરાયેલા સામસામાં પોલીસ કેસ પાછા ખેંચી લેવા માટે પણ સમાધાન થયું હતું.

# જામનગરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આગમનને લઈને વહીવટી તંત્ર દ્વારા વિશેષ જાહેરનામું પ્રસિદ્ધ કરાયું

## એરફોર્સ સ્ટેશન , સર્કિટ હાઉસ તથા મહાનુભવના કોન્વોય રૂટ સહિતના વિસ્તારોને નો ડ્રોન ફ્લાય ઝોન જાહેર કરાયા

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગર, આગામી તા.૨૪-૨૫/૦૨/૨૦૨૪ ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જામનગર સર્કીટ હાઉસ ખાતે રાત્રી રોકાણ કરનાર છે અને ત્યારબાદ તેઓ દેવભૂમિ દ્વારકા જિલ્લાના સંભવિત પ્રવાસ કાર્યક્રમમાં પધારનાર છે. જે સંજોગોમાં દેશ વિરોધી સંગઠનો, આંતકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્વો માનવ રહિત રીમોટ સંચાલીત વિમાન જેવા સાધનો અથવા માનવ સંચાલિત નાની સાઈઝના વિમાન જેવા સંસાધનો અથવા એરો સ્પોર્ટસમાં વપરાતા ઉપકરણોનો ગેરલાભ લઈ મહાનુભાવની સુરક્ષા તેમજ કાયદો વ્યવસ્થાને ક્ષતિ ન પહોંચાડે તે હેતુથી અધિક નિવાસી કલેક્ટર બી.એન.ખેર દ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે જામનગર જિલ્લાના એરફોર્સ સ્ટેશન, સર્કીટ હાઉસ તથા મહાનુભાવના આવવા-જવાના કોન્વોય રૂટની આજુ-બાજુના વિસ્તારોને નો ડ્રોન ફલાય ઝોન.જાહેર કરેલ છે.અને તે વિસ્તારમાં રીમોટ કંટ્રોલથી ચલાવવામા આવતા ડ્રોન, ક્વાડ કોપ્ટર, પાવર્ડ એરક્રાફ્ટ, હેંગ ગ્લાઈડર, પેરા ગ્લાઇડર, પેરા મોટર તેમજ હોટ એર બલૂન તથા પેરા જમ્પિંગ ચલાવવા કે કરવા પર પણ સંપુર્ણ પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.પોલીસ વિભાગ અને સુરક્ષાબળોના ઉપરોક્ત સંસાધનોને આ જાહેરનામાંમાંથી મુક્તિ આપવામાં આવે છે.આ હુકમ તા.૨૧/૦૨/૨૦૨૪ ના કલાક ૦૦-૦૦ થી તા.૨૫/૦૨/૨૦૨૪ ના ૨૨.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.આ જાહેરનામાંનો ભંગ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ તળે શિક્ષાપાત્ર થશે.

# મોરબી: ધરમરપુર ખાતે ૬૦૦ વિદ્યાર્થીઓને ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગે તાલીમ અપાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

સદભાવના ચેરીટેબલ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ, સુરત દ્વારા સ્વામિનારાયણ ઇન્ટરનેશનલ સ્કૂલ, ધરમપુર ખાતે ૬૦૦ વિદ્યાર્થીઓને ડિઝાસ્ટર મેનેજમેન્ટ સંબંધિત શોધ બચાવ અને પ્રાથમિક સારવારની તાલીમ આપવામાં આવી હતી. આ તકે ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, કલેક્ટર કચેરી, મોરબી માંથી કન્સલ્ટન્ટ ડો. ધાર્મિક પુરોહિત, ડીપીઓ કોમલ મહેરા, મોરબી નગર પાલિકા ફાયર સ્ટેશન ઓફિસર દેવેન્દ્રસિંહ જાડેજા અને ત્રિલોકકુમાર ઠાકર દ્વારા વિદ્યાર્થીઓને ડિઝાસ્ટર મેનેજમેન્ટ સંબંધિત તાલીમ આપવામાં આવેલ હતી.





# મોરબીના લીલાપર રોડ ઉપર જાહેરમાં પત્તા ટીચતા ચાર શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી અનુસાર મોરબી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન લીલાપર રોડ ઉપર બોરીચાવાસ નજીક સ્ટ્રીટ લાઈટના અજવાળે તીનપત્તીનો જુગાર રમતા જયેશભાઇ અમીતભાઇ ખાંભલા ઉવ.૩૩ રહે. બોરીચાવાસ મેઇન રોડ ઉપર, ઇસ્માઇલ ઉર્ફે હિતો હુસેનભાઇ બ્લોચ ઉવ.૨૭ મકરાણીવાસ, સોહીલભાઇ હાજીભાઇ મલેક ઉવ.૨૨ રહે.બોરીચાવાસ બાબુભાઇના મકાનમા ભાડે, રફીકભાઇ હકાભાઇ બ્લોચ ઉવ.૨૦ રહે. મકરાણીવાસને રોકડા રૂ.૩,૬૪૦/- સાથે ઝડપી લઇ મોરબી એ ડિવિઝનમાં જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી IMA દ્વારા યોજાયેલી બોક્સ ક્રિકેટ લીગમાં સ્કીન સાઈનર્સ ટીમ વિજેતા




**મુખ્ય સમાચાર, જયેશ બોખાણી**

મોરબી IMA (ઈન્ડિયન મેડિકલ એસોસિએશન) દ્વારા મેડિકલ ક્ષેત્રે કાર્યરત વિવિધ વિભાગના તબીબો માટે શહેરના થ્રીલ એન્ડ ચીલ ખાતે બોક્સ ક્રિકેટ લીગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બોક્સ ક્રિકેટ લીગમાં સ્કીન સાઈનર્સ ટીમ વિજેતા થઈ હતી.

આ બોક્સ ક્રિકેટ લીગમાં ૧૨ મેન્સ ટીમ, ૪ વુમન્સ ટીમ તથા ૨ કીડ્સ ટીમે ઉત્સાહભેર ભાગ લીધો હતો. કુલ ૨૫ મેચની આ ટુર્નામેન્ટના અંતે મેન્સ ફાઈનલ મેચ પીડીયા પેન્થર્સ તથા સ્કીન સાઈનર્સ વચ્ચે રમાયો હતો. જેમાં ડો. જયેશ સનારીયાની કેપ્ટનશિપમાં સ્કીન સાઈનર્સ ટીમ વિજેતા થઈ હતી. તે ઉપરાંત વુમન્સ ફાયનલ મેચમાં ડો. પાયલ ફેફરની કેપ્ટનશિપમાં મોરબી ક્વિન્સ ટીમ વિજેતા બની હતી. મેન ઓફ ધ સિરિઝ નો ખિતાબ ડો. દર્શન નાયકપરાએ તેમજ વુમન ઓફ ધ સિરિઝનો ખિતાબ ડો. નિધિ સરડવાએ મેળવ્યો હતો. ઈમર્જીંગ પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટનો ખિતાબ મેન્સમાં અથર્વ ગામી તેમજ વિમેન્સમાં રીરી અધારાએ મેળવ્યો હતો. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન અમ્પાયર તરીકે નેસ્ટ સ્કૂલના ક્રિકેટ કોચ કપીલ કુમારે સેવા આપી હતી. ટુર્નામેન્ટને સફળ બનાવવા મોરબી IMA ના પ્રમુખ ડો.નિકુંજ વડાલીયા, સેક્રેટરી ડો.વિરલ લહેરુ સહિતના હોદ્દેદારોએ જહેમત ઉઠાવી હતી.

# INS વાલસુરા ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની પ્રેરક ઉપસ્થિતમાં અગ્નિવીરોનો દીક્ષાંત સમારોહ યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર, INS વાલસુરા ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની પ્રેરક ઉપસ્થિતમાં અગ્નિવીરોનો દીક્ષાંત સમારોહ યોજાયો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ અગ્નિવીરોને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, વાલસુરા ટ્રેનિંગ સેન્ટરમાં આવીને મને અપાર પ્રસન્નતા મળી છે. અગ્નિવીરોને પરેડમાં ભવ્ય પ્રદર્શન બદલ તેમજ પ્રશિક્ષણ આપનાર ટ્રેનરોને હું શુભકામનાઓ પાઠવું છું.

વાલસુરામાં નાવીન્ય, ઉત્સાહ અને ઉમંગ સાથે પ્રાકૃતિક વાતાવરણમાં દેશ માટે બહાદુર વીરો તૈયાર થયા છે. તાલીમ દરમિયાન શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ત્રણ અગ્નિવીરો પૈકી બે દીકરીઓનું સમ્માન થયું છે. આ દીકરીઓએ ભારતીય નારીના ગૌરવમાં વધારો કર્યો છે. આપણા દેશની મહિલાઓ દરેક ક્ષેત્રમાં કીર્તિ મેળવી રહી છે. ૧૮ થી ૨૧ વર્ષના અગ્નિવીરોનો જોશ અદ્ભૂત છે. નૌસેના દેશનું ગૌરવ અને રાષ્ટ્રનું સમ્માન છે. કુદરતી આફત હોય કે આપાત્કાલિન સ્થિતિ ભારતીય સેના સદાય દેશ સેવામાં તત્પર રહે છે.

રાજ્યપાલએ અગ્નિવીરોને ઉપદેશ આપતાં જણાવ્યું હતું કે, જે લોકો કર્મયોગી અને પરિશ્રમી હોય છે તેઓ દુનિયામાં કંઈ પણ પ્રાપ્ત કરી શકે છે. પરિશ્રમ વગર જંગલના રાજા સિંહને પણ ભોજન મળતું નથી. સત્ય વ્યક્તિને બહાદુર અને નીડર બનાવે છે. સત્ય પ્રકાશ સમાન છે. જે અગ્નિવીરો દેશની રક્ષા અર્થે જઈ રહ્યા છે તેઓને પોતાના કાર્યક્ષેત્રમાં જઈ સત્યનું આચરણ કરવા, રાષ્ટ્રધર્મનું પાલન કરવા, માતાપિતા તથા ગુરુ પ્રત્યે આદરભાવ કેળવવા શીખ આપી હતી. આ તકે તાલીમ દરમિયાન ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ૩ અગ્નિવીરોને રાજયપાલના હસ્તે સન્માનિત કરાયાં હતા.નૌસેનાનું રાષ્ટ્ર અને સમાજમાં મહત્વનું યોગદાન છે. દેશ માટે બલિદાન આપવાની ભાવનાથી સેનાની ત્રણેય પાંખો દેશના નાગરિકોનું રક્ષણ કરી રહી છે. સૈનિકોના ત્યાગ, તપસ્યા અને બલિદાનના પરિણામે સમગ્ર દેશમાં આજે શાંતિ પ્રવર્તી રહી છે.

વાલસુરા વોર મેમોરિયલ પર રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ઈંગજવાલસુરા ખાતે રાજયપાલ આચાર્ય દેવવ્રતની પ્રેરક ઉપસ્થિતમાં અગ્નિવીરની તાલીમ પૂર્ણ કરેલ ૬૮ મહિલા કેડેટ્સ, ૩૮ ભારતીય કોસ્ટ ગાર્ડ સહિત ૪૪૫ કેડેટ્સનો દીક્ષાંત સમારોહ યોજાયો હતો.જ્યાં કેડેટ્સ દ્વારા યોજાયેલ ભવ્ય પરેડનું રાજયપાલ આને અન્ય મહાનુભાવોએ નિરીક્ષણ કર્યું હતું.આ પ્રસંગે કોમોડોર એ.પુરણકુમાર, એર કોમોડોર પુનિત વિગ, કર્નલ કુશલસિંહ રાજાવત, જિલ્લા કલેકટર બી.કે.પંડયા, મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ, અધિક નિવાસી કલેકટર બી.એન.ખેર સહિત આર્મી, નેવી તથા એર ફોર્સના અધિકારી- કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગોંડલના સડક પીપળીયા ગામે જુની અદાવતનો ખાર રાખી ૧૦ શખ્સોનો પરિવાર પર હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ તાલુકાના સડક પીપળીયા ગામે ત્રણ વર્ષ પહેલા યોજાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીની અદાવતનો ખાર રાખી જાન જોવા ઉભેલા પરિવારે ગાળો દેવાની ના પાડતા યુવતી સહિત ચાર ઉપર ૧૦ જેટલા શખ્સોએ છરી અને ધોકા વડે હુમલો કર્યો હોવાના આક્ષેપ સાથે ચારેય ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

ગોંડલના સડક પીપળીયા ગામે રહેતા નરેશભાઈ કિશોરભાઈ દાફડા (ઉ.વ.૩૮), વિભૂતિબેન રાણાભાઈ દાફડા (ઉ.વ.૨૨), હિરાબેન રાણાભાઈ દાફડા (ઉ.વ.૫૬) અને શાંતાબેન મહેશભાઈ બગડા (ઉ.વ.૪૫) પોતાના ઘર પાસે હતા ત્યારે રાત્રીના અરસામાં આશિષ, લાલા, પંકજ દેવશી, ધીરુ મકવાણા, મુકેશ અને ગૌરવ સોલંકી સહિતના અજાણ્યા શખ્સોએ ઝઘડો કરી છરી ધોકા વડે માર માર્યો હોવાના આક્ષેપ સાથે ચારેય ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે ગોંડલ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

પ્રાથમિક પૂછપરછમાં ત્રણ વર્ષ પહેલા ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાઈ હતી ત્યારે હુમલાખોર પંકજ દેવશીની સામે નરેશભાઈ બે મતે હારી ગયા હતા તે ચૂંટણીની ચાલતી અદાવતનો ખાર રાખી બે દિવસ પૂર્વે ઇજાગ્રસ્તો પાડોશમાં જાન જોતા હતા તે દરમિયાન હુમલાખોર શખ્સો ગાળો બોલતા હતા તેથી નરેશભાઈએ ગાળો દેવાની ના પાડતા હુમલાખોર શખ્સોએ ગાડી નીચે કચડી નાખવાનો પ્રયાસ કરી માર માર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે ગોંડલ તાલુકા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સગીરા સાથે શારીરિક અડપલા કરનાર બહેનપણીના મંગેતરની ધરપકડ

## ધો.૧૨ની છાત્રા રૂમમાં એકલી હોય શખ્સે રૂમ બંધ કરી કપડા ઉતારી છેડછાડ કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

યુનિવર્સિટી રોડ પર એક એપાર્ટ મેન્ટના ફ્લેટમાં ઊંઘી રહેલી સગીરાના રુમમાં તેણીની સહેલીનો મંગેતર આવ્યા બાદ સગીરામાં કપડાં ઉતારી અડપલાં કર્યા હતા.આ બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. પીડિત સગીરાએ પોતાની ફરિયાદમાં સહેલીના મંગેતર પ્રધ્યુમનસિહ અભેસિહ ચાવડા(રહે. ગામ. સાંઢણીધાર કોડીનાર . ગીરસોમનાથ)નું નામ આપતા તેમની સામે પોકસો હેઠળ ગુન્હો નોંધવામાં આવ્યો છે.

ફરિયાદમાં સગીરાએ જણાવ્યું હતું કે, પોતે મૂળ જેતપુર પંથકની છે તે હાલ યુનિવર્સિટી રોડ પર તેમના સંબંધીને ત્યાં રહી ધો.૧૨માં અભ્યાસ કરે છે.સગીરા જ્યાં રહે છે તેની બાજુમાં એક ફ્લેટ આવેલો છે.ત્યાં રહેતી યુવતી સગીરાની સહેલી છે. આ યુવતીને ત્યાં તેમનો મંગેતર પ્રધ્યુમનસિહ અવર જવર કરતો હોય જેથી તેમને તે ઓળખે છે.કેટલીક વાર આ યુવતીના ઘરે સગીરા આવ જા કરતી હોય જેથી તેઓ એકબીજાના પરિચયમાં આવ્યા હતા. ત્યારે ગઈ કાલે રાત્રીના બે વાગ્યાના સુમારે પોતે ફ્લેટમાં એકલી ઘરમાં સુઈ રહેલી હતી.ત્યારે તેમના ઘરે સહેલીનો મંગેતર આવી પહોંચ્યો હતો.તેમજ આરોપીએ ગેરકાયદેસર રૂમમા પ્રવેશ કરી રૂમ બંધ કરી આરોપીએ સગીરાના કપડા ઉતારી તેની સાથે છેડછાડ કરી ગાળો આપી છેડતી કરી હતી.જેથી ગભરાઈ ગયેલી સગીરાએ તેમની પાડોશીમાં જ રહેતી સહેલીને વાત કરતા આ હકીકતને આધારે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.આ મામલે ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઈ એસ. બી. જાડેજાએ આરોપીને સકંજામાં લેવા તજવીજ આદરી છે.


## જાહેર નોટીસ

આ જાહેર નોટીસથી સર્વેને જણાવવાનું કે ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ ડીસ્ટ્રીકટ રાજકોટના રેવન્યુ સર્વે નં. ૩૩૮ પૈકીની જમીનમાં લાગુ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં ૫ ના મુળ ખંડ નં. ૬૧ સામેના અંતિમ ખંડ નં. ૨૧૫ ના બીનખેડવાણ થયેલ પ્લોટો પૈકી પ્લોટ નં. ૪,૫,૬,૧૨ તથા ૧૩ની જમીન ઉપર બાંધવામાં આવેલ 'ધર્મદર્શન સંકુલ' માંહેથી સેકન્ડ ફલોર ઉપર આવેલ ફલેટ નં. ૨૦૩ (એસ-૩) જેના ચો.ફૂટ.આ. ૯૯૮-૦૦ ચો.મી.આ. ૯૨-૭૨૪ના બાંધકામવાળા આવેલો છે. જે વેચનારના નામ જોગ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૩૦૦, તા.૧૫/૦૨/૨૦૧૧ થી (૧) શ્રી વિરેન્દ્ર ન્યાલચંદ રઘાણી (૨) શ્રીમતિ ભારતીબેન વિરેન્દ્ર રઘાણી પાસે સદરહુ ફલેટ શ્રીઅજયભાઈ ગુણવંતભાઈ ધકાણનો સુવાંગ કબજા ભોગવટા અને સ્વતંત્ર માલિકીનો આવેલો છે.

આ સદરહું ફલેટ ખાલી કબજે શ્રી અજયભાઈ ગુણવંતભાઈ ધકાણ પાસેથી અમારા અસીલોએ ખરીદ કરવાનું નક્કી કરેલુ છે.

ઉપરની હકિકતે સરદહું મિલ્કત પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગભાગ હોય યા વારસદાર દરજજેનો કોઈનો હકક હોય યા કોઈનું કાંઈપણ પ્રકારનું લેણું હોય યા ગીરો - બોજો હોય કે કોઈની જામીનગીરી સ્વીકારેલ હોય યા કોઈની પાસે કુલમુખત્યારનામું હોય યા અન્ય કોઈપણ રીતે કાંઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ કે દરદાવો હોય યા વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ ૮ (આઠ)માં અમારા નીચે લખ્યા સરનામે લેખિત આધાર પુરાવા સાથે રજુઆત કરવાની રહેશે. જો નિયત કરેલ સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર કે દરદાવો નહી આવે તો કોઈને વાંધો તકરાર નથી અને હોય તો જતા (વેવ) કરેલ છે એમ સમજી અમારા અસીલ શુધ્ધબુધ્ધિના ખરીદનાર દરજજે સરદહું મિલ્કત ખરીદ કરવાની કાર્યવાહી પૂર્ણ કરશે અને ત્યારબાદ કોઈના વાંધા તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં જેની દરેક સ્પષ્ટ નોંધ લેશો.

રાજકોટ
તા.૨૨/૦૨/૨૦૨૪

**ગૌતમ જે. દવે**
એડવોકેટ એન્ડ નોટરી,
**પ્રશાંત જી. દેવહિતકા**
એડવોકેટ,
**મેઘના જે. રાવલ**
એડવોકેટ

અમારા મારફત :
**ગૌતમ જે. દવે**
એડવોકેટ એન્ડ નોટરી

સરનામું :- ''હરિશીખ'' ૫, બ્રહમસમાજ સોસાયટી, બ્રહમસમાજ શેરી નં ૧, રૈયા રોડ, રાજકોટ મો. ૯૮૨૫૨ ૧૯૬૮૩

# જિલ્લા પંચાયત પોતાનો વિકાસ નથી કરી શકતી તો ગ્રામ્ય વિસ્તારનો ક્યાંથી કરશે...?

રાજકોટ જિલ્લા પંચાયતમાં સત્તાપક્ષ દવારા ફક્ત આભાસી પ્રતિબીબ વિકાસનું દર્શાવવામાં આવી રહ્યું છે. ખાટલે જ મોટી ખોટ હોય આમાં ગ્રામ્ય વિસ્તારનો વિકાસ ક્યાંથી થાય? જિલ્લા પંચાયતના મુખ્ય બિલ્ડીંગમાં જ આવેલ સભાગૃહના સ્ટેજમાં ખાડા પડી ગયેલા છે. દિવાલ પણ જર્જરીત સ્થિતિમાં જોવા મળી રહી છે. શાસકો ફક્ત ભાજપની વાહ વાહ કરીને જ આત્મસંતોષ મેળવી રહ્યા છે. હવે તેમાંથી બહાર આવી સમારકામ કરવાની જરૂર છે.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

# કુંકાવાવના ઈશ્વરીયા ગામે વોકળામાંથી મળેલી યુવાનની લાશનો ભેદ ઉકેલાયો

## વાડીના શેઢે જીવંત વીજ પ્રવાહના કારણ યુવાનનું મોત થયુ'તુ પુરાવાનો નાશ કરવા લાશ ફેંકી દેવાઈઃ એકની ધરપકડ

**મુખ્ય સમાચાર, અમરેલી**

કુકાવાવ તાલુકાના ઈશ્વરીયા ગામે વોકળામાંથી લાશ મળી આવી હતી જેનો પોલીસ દ્વારા ભેદ ઉકેલવામાં આવ્યો છે. રાત્રિના સમયે ખેતરમાં જીવંત વીજ પ્રવાહ ગોઠવાતા એક વ્યક્તિનો ભોગ લેવાયો હતો. બાદમાં પુરાવાનો નાશ કરવા માટે લાશને મોકલાવામાં ફેંકી દીધી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી છે.

કુંકાવાવ તાલુકાના ઈશ્વરીયા ગામે હાઇસ્કુલની પાછળ આવેલ પાણીના વોંકળામાંથી માવજીભાઈ મંગાભાઈ સોંદરવ મૃત હાલતમાં મળી આવ્યા હતા. આ અંગે વડીયા પોલીસ સ્ટેશનમાં જાણ કરાતા, પાણીના વોકળામાંથી લાશ બહાર કાઢી, શંકાસ્પદ મૃત્યુ અંગેની જાહેરાત પરથી આ અંગે વડીયા પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોત મુજબના બનાવમાં વડીયા પોલીસ દ્વારા મૃત્યુનું ચોક્કસ કારણ જાણવા લાશને પી.એમ. અર્થે મોકલી આપી, તપાસ હાથ ધરી હતી. અમરેલી એલ.સી.બી. ટીમ પણ તપાસમાં જોડાઈ હતી.આ અંગે તપાસ દરમિયાન મરનાર માવજીભાઈ મંગાભાઈ સોધરવા ઈશ્વરીયા ગામના ભીખુભાઇ વલકુભાઈ વાળાની ફારમે રાખેલ વાડીએ મજુરી કામે ગયા હતા અને ભીખુભાઇએ આ વાડીમાં જો કોઈ વ્યક્તિ ઇલેક્ટ્રીક કેબલ અડી જાય તો તેનુ મૃત્યુ સંભવ હોવાનુ જાણવા છતા તેની વાડીમાં ખુલ્લો ઇલેક્ટ્રીક મોટરનો ચાલુ વિજપ્રવાહ વાળા ઇલે.કેબલ ખુલ્લો રાખી અને જે ઇલેક્ટ્રીક કેબલ શરિરે અડી જવાથી તેને શરીરે ઇલેક્ટ્રીક શોક લાગતા મૃત્યુ થયાનું ખૂલ્યુંહતું. આરોપી ભીખુભાઇ વલકુભાઈ વાળાને પોતે ખેતર ફરતે ગોઠવેલા જીવંત વીજ પ્રવાહથી એકનું મૃત્યુ થયું હોવાની જાણ થતા તેણે કોઈને કહ્યા વગર તા.૧૮ની મોડી રાત્રીએ લાશ તેમના ખેતરની નજીકમાં હાઇસ્કુલની પાછળ આવેલ પાણીના વોંકળામાં નાખી દઈ લાશને સગેવગે કરી પુરાવાનો નાશ કરી ગુનો કર્યો હતો.

# પરાપીપળીયા પાસે નર્સિંગ હોસ્ટેલમાં અનુજાતિ વિદ્યાર્થીને મારમારી અપમાનીત કરાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

જામનગર રોડ પર આવેલા પરાપીપળીયા પાસે સોઢા ઈન્સ્ટિટયૂટ ઓફ નર્સિંગ હોસ્ટેલમાં રહેતો અને મૂળ જસદણના શીવરાજનો વતની સુનિલ જેન્તીભાઈ પરમાર નામના વિદ્યાર્થીએ ગાંધીગ્રામ પોલીસમાં જય જોષી, મનન જોષી અને લકી સહિત ચાર શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે કે, આ યુવાન નર્સિંગમાં અભ્યાસ કરતો હોય ત્યાં એપોલોજીમેમો લખીને આપવાનો હોય જે મેમો વિદ્યાર્થીની ભૂલ માટે હોય જે ત્રણ વાર લખીને આપવાનું હોય અને ત્યારબાદ આ બાબતે આ ત્રણેય શખ્સોએ ક્લાસરૂમમાં બોલાવી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી ઢીકાપાટુનો મારમારી ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# સ્માર્ટ વિલેજ યોજના હેઠળ રાજકોટ જિલ્લાના છ ગામોનો સમાવેશ

## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નિર્ણયને આવકારતા ભૂપતભાઈ બોદર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જીલ્લા પંચાયત ના પુર્વ પ્રમુખ ભુપતભાઈ બોદરે એક અખબારી યાદી માં જણાવ્યું છે કે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની રાજનીતિ ના પરિદ્રશ્ય ને બદલી ને વિકાસવાદ ની રાજનીતિને પ્રસ્થાપિત કરી છે. ગરીબ કલ્યાણ યોજનાઓના માધ્યમથી દેશ ના ગામડા, ગરીબ, કિશાન, દલિત, પીડિત, શોષિત, વંચિત, યુવા અને મહિલાઓ ના સશક્તિકરણ માટેનું કામ થયું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના ગામોને શહેરો સમકક્ષ સ્માર્ટ,સસ્ટેઇનેબલ અને સુવિધાયુકત બનાવવાના સંકલ્પ



સાથે ન'આત્મા ગામનો સુવિધા શહેરનીથ'નો વિચાર આપેલો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ના નેતૃત્વ માં અને પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર વડાપ્રધાનશ્રીની આ વિચારધારાને આગળ ધપાવતાં સ્માર્ટ વિલેજ પ્રોત્સાહક યોજનાને વધુ વ્યાપક સ્વરૂપે વિસ્તારી છે અને તાલુકા દીઠ એક ગામ સ્માર્ટ વિલેજ બનાવવાના વિકાસલક્ષી અભિગમ સાથે પાંચ જિલ્લાના ૧૬ ગામોને સ્માર્ટ વિલેજ જાહેર કર્યા છે. આ ગામો રાજ્ય સરકારની સ્માર્ટ વિલેજ પ્રોત્સાહક યોજના અંતર્ગત વિવિધ માપદંડો જેવા કે ગામ રોડથી જોડાયેલું હોય, રોડથી તદ્દન નજીકમાં હોય, ગામ શક્ય હોય ત્યાં સુધી સ્ટેટ હાઇવે પર હોય, પ્રાથમિક સુવિધા તરીકે પાકા રસ્તા અને ગટર વ્યવસ્થા, સ્ટ્રીટ લાઇટ તેમજ સંપૂર્ણ સફાઇ થતી હોય અને ગામની વસ્તી ૨૦૦૦ થી ૬૦૦૦ સુધીની હોય તે માપદંડો ધ્યાને લેવામાં આવેલા છે.

૧૧ માપદંડો પરિપુર્ણ કરતી ગ્રામ પંચાયતો દ્વારા સ્પર્ધામાં ભાગ લેવા માટે નિયત કરાયેલ કે પૈકી પસંદ કરાયેલાં ગામો છે. આ સ્માર્ટ વિલેજમાં રાજકોટ જિલ્લાના ૬ ગામ; રાયડી (જામકંડોરણા), થાણાગાલોળ (જેતપુર), વીરનગર (જસદણ), આણંદપરા (નવા) (રાજકોટ) સતાપરા, લોધિકા( લોધિકા)નો સમાવેશ કરવામાં આવ્યો છે. સ્માર્ટ વિલેજ પ્રોત્સાહક યોજનામાં પસંદ થયેલા આ ગામોના સર્વાંગી વિકાસ માટે ગ્રામ પંચાયત દિઠ પાંચ લાખ રૂપિયાની પુરસ્કાર રકમ આપવામાં આવશે. એટલુ જ નહિ, આ પુરસ્કાર રાશિ ગામોના વિકાસ કામો માટેના સ્વભંડોળનો ભાગ બનશે. રાજકોટ જીલ્લા ના ૬ ગામો ને સ્માર્ટ વિલેજ યોજના હેઠળ પસંદગી કરવા બદલ રાજ્ય સરકાર , મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ પંચાયત મંત્રી શ્રી બચુભાઈ ખાબડ, પ્રભારી મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ જિલ્લા પ્રભારી શ્રી ધવલભાઈ દવે અને જિલ્લા ભાજપ પ્રમુખશ્રી અલ્પેશભાઈ ઢોલરીયા નો ભુપતભાઈ બોદરે આભાર વ્યક્ત કર્યો હતો

# વડાપ્રધાન મોદીના આગમન પૂર્વે શહેર ભાજપમાં ભડકોઃ ધારાસભ્ય અને પક્ષના ટોચના નેતા વચ્ચે તૂ..તૂ.. મેં..મેં..

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી તા.૨૫ના વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક દિવસ માટે રાજકોટની મૂલાકાતે આવી રહ્યા છે. તેમના આગમન પૂર્વે રાજકોટ શહેર ભાજપમાં અસંતોષની જ્વાળા ભભૂકી ઉઠી છે. આધારભૂત સુત્રોમાંથી મળેલી માહિતી મુજબ વડાપ્રધાન મોદીના આગમન પહેલા તૈયારીના ભાગરૂપે રેસકોર્સ પર આવેલા મેયર બંગલે શહેર ભાજપના કોચના નેતાઓની બેઠક મળી હતી. જેમાં કાર્યક્રમ સંદર્ભે ચર્ચા ચાલી રહી હતી. તેજ સમયે શહેરના એક ઉત્સાહી ધારાસભ્ય અને શહેર ભાજપના જ ટોચના નેતા વચ્ચે કોઈ બાબતે તણખા ઝર્યા હતા. ધારાસભ્ય અને ભાજપના જ નેતા વચ્ચે તૂ તૂ મેં મેં થતા ઉપસ્થિત અન્ય આગેવાનો આશ્ચર્યમાં મૂકાય ગયા હતા. સમય પારખીને બંને નેતાઓને શાનમાં સમજાવી મૂંગા રહેવા જણાવ્યું હતું. આવનારા દિવસોમાં હજુ આગ વધુ પ્રસરે તેવી સંભાવના છે. સુત્રોએ એવું જણાવ્યું હતું કે આ મામલો પ્રદેશ હાઈકમાન્ડ પહોંચ્યો છે. ટુંક સમય માંજ આ બાબતે કડક પગલા લેવાશે.

# મોરબીની પી.જી.પટેલ કોલેજમાં ગૌરવભેર માતૃભાષા દિવસ ઉજવાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

આજરોજ ૨૧ ફેબ્રુઆરી ના રોજ સર્વત્ર માતૃભાષા દિવસ ઉજવાઈ રહ્યોછે ત્યારે મોરબીની પી.જી.પટેલ કોલેજમાં પણ પ્રમુખશ્રી દેવકરણભાઈ અને આચાર્યશ્રી ડો.રવીન્દ્ર ભટ્ટ ની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ માતૃભાષા દિવસની ગરિમાપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી.

આ વિશેષ ઉજવણી અંતર્ગત કોલેજના વિધાર્થીઓએ ગુજરાત સાહિત્ય પરિષદ –અમદાવાદ દ્વારા જાહેર થયેલ અલગ અલગ પ્રતિષ્ઠિત વ્યક્તિઓના મંતવ્યો રજુ કરતો વિડીયો નિહાળ્યો હતો અને બાદમાં કોલેજના વરિષ્ઠ પ્રાધ્યાપક શ્રી અનિલભાઈ કંસારા એ વિધાર્થીઓને




માતૃભાષા ના વૈભવ અને ગરિમાથી વાકેફ કાર્ય હતા તેમજ ગુજરાતી ભાષા ના અભિન્ન અંગ એવા જોડણી, અલંકાર, રાગ દુહા છંદ અને વ્યાકરણ અંગે પણ રસપ્રદ અને હળવી શૈલીમાં છણાવટ દ્વારા વિધાર્થીઓને ગુજરાતી ભાષા અંગેનું સચોટ જ્ઞાન આપ્યું હતું.આ ઉજવણીમાં મોટી સંખ્યામાં કોલેજના વિધાર્થીઓ અને પ્રાધ્યાપકો જોડાયા હતા.

# રાજુલાની પટેલ સમાજની વાડી ખાતે ધાતરવડી ફાર્મર એગ્રો પ્રોડ્યુસર કંપનીની વાર્ષિક સાધારણ સભા યોજાઇ




**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલાઃ** રાજુલા શહેરમાં આવેલ પટેલ સમાજની વાડી ખાતે ધાતરવડી ફાર્મર એગ્રો પ્રોડ્યુસર કંપનીની વાર્ષિક સાધારણ સભા યોજાઇ હતી જેમાં ભારતીય સ્ટેટ બેન્ક કૃષિ વિકાસ શાખાના મેનેજર મોહનલાલ યાદવ અને દિલીપ કુમાર દ્વારા ખેડુતોને પ્રધાનમંત્રી રોજગાર યોજના હેઠળની એગ્રી ઇન્ડજ હેડ વિષે માહિતી આપી હતી આ તકે રાજુલા સહિત આસપાસ ગામના ખેડુતો બહોળી સંખ્યામા હાજર રહ્યા હતા

# રાજુલાના નવી માંડરડી ગામે દીપડો કૂવામા ખાબકયોઃ વનવિભાગની ભારે જહેમત બાદ રેસક્યુ કરવામા સફળતા મળી

**મુખ્ય સમાચાર, રાજુલા**

રાજુલા તાલુકાના નવી માંડરડી ગામે ધાતરવડી નદીના કાંઠે સામે આવેલ રામજીભાઇ નારણભાઇ ખાગડની વાડીમા કૂવામા દિપડો ખાબકયો હતો. વહેલી સવારે દીપડો વાડીના કૂવામા પડેલ હોય ત્યારે ખેતી કામ કરી રેહલા ખેડૂતે જોતા જ તાત્કાલિક રાજુલા વન વિભાગને જાણ કરવામા આવી હતી જે બાદ વન વિભાગ આર.એફ.ઓ યોગરાજસિંહ રાઠોડ સહીત સ્ટાફ ઘટના સ્થળે દોડી



આવ્યો હતો. ત્યારબાદ દિપડાને રેસક્યુ કરવા માટે કામગીરી હાથ ધરવામા આવી હતી. રાજુલા વનવિભાગે ભારે જહેમત બાદ દીપડાને રેસક્યુ કરી પાંજરે પુરવામા સફળતા મળી હતી. દીપડો પાંજરે પુરાતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. હાલ દિપડાને બાબરકોટ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામા આવ્યો છે. આ કામગીરીમા રાજુલા રેન્જ આર.એફ.ઓ યોગરાજસિંહ રાઠોડ, વનપાલ આઇ.વી.ગોહીલ, આર.પી.વઘાસીયા, વાય.એમ.આસકાની, એચ.આર. બારૈયા, ટ્રેકર યુવરાજ, મુનાભાઇ, આસીફભાઇ, સંજયભાઇ, ભરતભાઇ, જુનેદભાઇ તેમજ વનવિભાગ સ્ટાફ તથા ટ્રેકર જોડાયા હતાં.

# કાલાવડ–જામનગર માર્ગ પર બે કાર વચ્ચે જોરદાર અકસ્માત, બેના મોત



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર કાલાવડ-જામનગર માર્ગ પર સાંજે સર્જાયેલો ગોઝારો અકસ્માત.કાલાવડ-જામનગર હાઇવે પર ખંઢેરા નજીક સાંજના સુમારે બે કાર સામસામે અથડાતા સર્જાયેલા ગોઝારા અકસ્માતમાં ભાનગરના તરૂણ અને અન્ય એક યુવાનને માથા સહિત શરીરે ગંભીર ઇજા થતા બંનેના મૃત્યુ નિપજયા હતા. જયારે અન્ય ત્રણ યુવાનોને નાની મોટી ઇજા થતા સારવાર માટે જામનગરની હોસ્પીટલમાં ખસેડાયા છે.ભાવનગર પંથકના તરૂણ સહિતના લોકો ખંઢેરા લગ્ન પ્રસંગમાં આવ્યા હતા જે દરમિયાન જીવલેણ અકસ્માત નડયો હતો.સુમાહિતગાર સુત્રોમાંથી જાણવા મળતી વિગત અનુસાર કાલાવડ-જામનગર હાઇવે પર બુધવારે સાંજે બે કાર વચ્ચે ભિષણ ટકકર સર્જાઇ હતી જે ગોઝારા અકસ્માતમાં કાર સવાર આર્યદિપસિંહ જયદેવસિંહ વાળા (ઉ.વ. ૧૭)(રે. લીલવાણ, મહુવા, ભાવનગર) અને લકીરાજસિંહ દિપેન્દ્રસિંહ જાડેજા (ઉ.વ. ૧૭) (રે. ખંઢેરા, કાલાવડ)ને માથા સહિતના શરીરના ભાગે ગંભીર ઇજા પહોચતા બંનેના સ્થળ પર જ મૃત્યુ નિપજયા હતા.જયારે કારમાં સવાર અન્ય ત્રણ યુવાનોને નાની મોટી ઇજાઓ પહોચતા તુરંત ૧૦૮ મારફતે સારવાર માટે જામનગરની જી.જી.હોસ્પીટલ ખાતે લઇ જવાયા હતા.જાણવા મળ્યા મુજબ ભાવનગર પંથકનો તરૂણ સહિતના લોકો કાલાવડની ભાગોળે ખંઢેરા લગ્ન પ્રસંગમાં જોડાયા હતા જે દરમિયાત તેઓ કોઇ કામ મામલે ખંઢેરાથી કારમાં કાલાવડ તરફ જઇ રહયા હતા જે વેળાએ માર્ગમાં આ ગોઝારો જીવલેણ અકસ્માત નડયો હતો.આ બનાવના પગલે કાલાવડ પોલીસ પણ ઘટનાસ્થળે દોડી ગઇ હતી.

# વાંકાનેરના જડેશ્વર ખાતે લર્નિંગ એન્ડ માઈગ્રેશન પ્રોગ્રામ યોજાયો

## લોકોને શિક્ષણ પ્રત્યે જાગૃત કરવા અને શિક્ષણની ગુણવતામાં સુધારો કરવા અંગે ચર્ચા કરાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના જડેશ્વર ખાતે આગખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ(ભારત)દ્વારા અમલીકૃત લર્નિંગ એન્ડ માઈગ્રેશન પ્રોગ્રામનું વાંકાનેર પ્રાંત અધિકારી સિદ્ધાર્થ ગઢવીના અધ્યક્ષસ્થાને આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રોગ્રામ અમેરિકન ઈન્ડીયા ફાઉન્ડેશનની સહાયથી ચાલે છે તેમજ તમના દ્વારા નાણાકીય તેમજ તકનીકી માર્ગદર્શન દ્વારા અમલીકૃત પ્રોજેક્ટ અંતર્ગત શાળા વ્યવસ્થાપન સમિતીનું જિલ્લા કક્ષાનું સંમેલનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. રેખાબેન તથા વાંકાનેર એજ્યુકેશન ટીમ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અન્વયે લોકો શિક્ષણ પ્રત્યે જાગૃત થાય અને શિક્ષણની ગુણવતામાં સુધારો થાય તે બાબતની ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત 'મારી સપના ની શાળા' ગ્રુપ એક્ટિવિટી કરાવી આ સપનાને અમલમાં લાવવા માટેનો એકશન પ્લાન પણ તૈયાર કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં તાલુકા પ્રાઇમરી એજ્યુકેશન ઓફિસર વોરા, કેળવણી નિરીક્ષક યુવરાજસિંહ વાળા, અગ્રણી કિશોરસિંહ ઝાલા, મહિલા પી.એસ.આઈ. કાનાણી, તેજલબા - પી.બી.એસ.સી, જિલ્લા ફિલ્ડ ઓફિસર



રાજદીપભાઈ તેમજ આગખાન સંસ્થા માથી કંચનબેન - મેનેજર એજ્યુકેશન, મનોજીતસિંહ ગોહિલ, વિમલભાઈ, હાર્દિકભાઇ તેમજ ગામમાંથી આવેલ આગેવાનો, સિટીઝન એજ્યુકેટર , એસ.એમ.સી. સભ્ય પંચાયતના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

# જામનગરમાં વડાપ્રધાનના પ્રવાસ કાર્યક્રમને લઈ જિલ્લા પોલીસ વડાની આગેવાનીમાં યોજાઈ ફ્લેગમાર્ચ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના લાલ બંગલા સર્કલ જ્યાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સર્કિટ હાઉસ ખાતે રાત્રે રોકાણ કરવાના છે ત્યાંથી લઈને પોલીસ દ્વારા એરફોર્સ સુધી પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું જેમાં જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ,ડીવાયએસપી, એલસીબી,એસઓજી પોલીસની ટીમ દ્વારા સમગ્ર રૂપ પર નિરીક્ષણ કરવામાં આવ્યું હતું વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અનુલક્ષીના કાર્યક્રમને લઈને જામનગર ખાતેના રાત્રે રોકાણને લઈને આજરોજ શહેરની પોલીસ અને શહેર અને જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ અધિકારીઓ તેમજ એલસીબી,એસ.ઓ.જી સહિતના સ્ટાફ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો રૂટ છે તેમાં રિહર્સલ અને ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. તેમજ આજુબાજુના વિસ્તારોમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું.લાલ બંગલા સર્કલથી દિગજામ સર્કલ સુધી ઉપર તમામ રૂટ ઉપર પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ અને ફ્લેગ માર્ચ કરવામાં આવેલ છે.બાર જિલ્લા માંથી પોલીસ અધિકારીઓ અને પોલીસ આવશે તેમાં એસઆરપીની એક ટુકડી અને રિઝર્વ પોલીસ જોડાઈ હતી

# રાજકોટમાં વધુ ત્રણ વ્યક્તિના શ્વાસ થંભી ગયાઃ પરિવારમાં ગમગીની

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં વધુ ત્રણ વ્યક્તિના હૃદયરોગના હુમલાથી મોત નિપજ્યા હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં પ્રૌઢ અને આધેડનું હૃદયરોગના હુમલાથી મોત નીપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.



આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં વિશ્વેશ્વર મંદિર પાછળ આવેલી જય બાબા રામદેવ સોસાયટીમાં રહેતા જયેશભાઈ વિક્રમભાઈ ભટ્ટી નામના ૪૪ વર્ષના પ્રૌઢ પોતાના ઘરે હતા ત્યારે સાંજના પાંચેક વાગ્યાના આસામમાં તેમને અચાનક હૃદયરોગનો હુમલો આવતા બેભાન હાલતમાં ઢળી પડયા હતા જયેશભાઈ ભટ્ટીને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં જયેશભાઈ ભટ્ટીનું મોત નિપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી. પ્રાથમિક પૂછપરછમાં મૃતક જયેશભાઈ ભટ્ટી બે ભાઈ એક બહેનમાં નાના અને અપરિણીત હતા. જયેશભાઈ ભટ્ટી કારખાનામાં મજૂરી કામ કરી પરિવારને આર્થિક મદદ કરતા હતા અને જયેશભાઈ ભટ્ટીનું હાર્ટ એટેકથી મોત નીપજયુ હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં સાધુવાસવાણી રોડ ઉપર આવેલ જનકપુરી-રમાં રહેતા જીતેન્દ્રભાઈ દામજીભાઈ ભાણવડિયા નામના ૫૩ વર્ષના આધેડ પોતાના ઘરે હતા ત્યારે રાત્રીના સાડા ત્રણેક વાગ્યાના અરસામાં નિંદ્રાધીન જીતેન્દ્રભાઈ ભાણવડિયાને હાર્ટ એટેકનો હુમલો આવતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જીતેન્દ્રભાઈ ભાણવડિયાનું હૃદયરોગના હુમલાથી મોત નીપજ્યું હોવાનું જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. જીતેન્દ્રભાઈ ભાણવડિયા બે ભાઈમાં મોટા હતા અને તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જસદણમાં શરમાળીયા દાદા મંદિરના સાધુ પર હુમલો કરનાર બે શખ્સોની ધરપકડ

**મુખ્ય સમાચાર, જસદણ**

જસદણમાં બે દિવસ પહેલા જુના બસ સ્ટેશન નજીક આવેલ શરમાળીયા દાદા મંદિરના પ્રૌઢ સાધુ પર મોડી રાત્રીના સમયે કોઈ અજાણ્યા અસામાજિક તત્વો દ્વારા જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવતા સાધુ સમાજ અને હિન્દુ સંગઠનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. આ ઘટનામાં મંદિરના સાધુને અસામાજિક તત્વો દ્વારા ઢોરમાર માર મારવામાં આવ્યો હતો અને મંદિરમાં ઢસડી મોઢા પર પથ્થરના ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવી હતી. આ હુમલામાં મંદિરના સાધુને ગંભીર ઈજાઓ પહોંચતા



લોહી લુહાણ હાલતમાં સારવાર અર્થે જસદણની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. વહેલી સવારે આ ઘટનાની જાણ થતા સાધુ સમાજ સહિતના હિન્દુ સંગઠનો મંદિર ખાતે દોડી ગયા હતા અને હુમલાખોરોને પકડી પાડી આકરી સજા કરવામાં આવે તેવી માંગ સાથે ભારે રોષ વ્યક્ત કર્યો હતો. આ ઘટનાના પગલે ભક્તજનો અને સેવકોના ટોળેટોળા ઘટના સ્થળે એકઠા થઈ ગયા હતા. અને અજાણ્યા અસામાજિક તત્વો સામે રોષ ઠાલવ્યો હતો. બાદમાં આ ઘટના અંગે જસદણ પોલીસ મથકમાં જાણ કરાતા પીઆઈ ટી.બી.જાની સહિતના સ્ટાફે ગણતરીની કલાકોમાં સાધુ પર હુમલો કરનાર વિજય ઉર્ફે કાનો કરશન સાંબડ(રહે-જસદણ) અને વલ્લભ ઉર્ફે સરદાર પોલા ઘોડકીયા(રહે-જસદણ) નામના બન્ને શખ્સોની ધરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું હતું.

# વડાપ્રધાનના કાર્યક્રમ પૂર્વે પોલીસનું સઘન ચેકીંગઃ છરી, ધોકા સાથે ૧૦ ઝડપાયા

## દેશી દારૂના ધંધાર્થી પર ધોંસ, ૧૦ને દબોચ્યા, ૩ ભઠ્ઠી પકડાઈઃ દારૂના નશામાં વાહન ચલાવતાં ૯ અને ટ્રાફીક અડચણ કરતાં પાંચ સામે કાર્યવાહી કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**



આગામી તા.૨૫ના વડાપ્રધાન ના કાર્યક્રમ પૂર્વે શહેર પોલીસ છરી ધોકા સાથે ફરતા ૧૦, દેશી દારૂ સાથે ૧૦ને દબોચી ત્રણ દારૂની ભઠ્ઠી પણ પકડી પાડી હતી. જયારે નવ પીધેલા અને ટ્રાફીક અડચણ કરતા પાંચ કરી હતી. સામે કાર્યવાહી શહેર પોલીસ કમીશ્નર રાજુ ભાર્ગવની સુચનાથી આજીડેમ પોલીસે હુડકો ચોકડી પાસેથી જય અશ્વિન ચૌહાણ (રહે. સીતારામ સોસાયટી શેરી નં.૬, કોઠારીયા સોલ્વન્ટ)ને છરી સાથે પકડી પાડયો હતો. જયારે અન્ય છરી સાથે ફરતા રાકેશ સંજય ચૌહાણ (રહે. ગાંધીગ્રામ)ને તેમજ યુનિ. રોડ પર કીડની હોસ્પીટલ પાસેથી રાહુલ દેવા બાહુકીયા (રહે.મુંજકા), મવડી મેઈન રોડ શિવશક્તિ ડેરીની સામેથી રામજી પ્રકાશ સોલંકી (રહે.કૈલાશનગર શેરી નં.૨) અને પુનીતનગરના પાણીના ટાંકા પાસેથી હેમંત રમેશ સોઢા (રહે.નવલનગર શેરી નં.૧૮)ને પકડી પાડયા હતા. બી ડીવીઝન પોલીસે ભગવતીપરા

સુખસાગર હોલ પાસેથી સંજય ઉર્ફે સાજન મીઠા પરમારને છરી સાથે તેમજ તાલુકા પોલીસે કાલાવડ રોડ કેકેવી હોલ પાસેથી મેઘા કાળા ભરવાડ અને પ્રવિણ નારણ ભાદરકાને તેમજ આત્મીય કોલેજ પાસેથી રીતીન વાલજી દેગામા અને રાહુલ અરવીંદ ચાવડાને ધોકા સાથે પકી ગુના નોંધ્યો હતો. તેમજ કાળીપાટ ગામ પાસેથી ભરત ચના ભરાળીયા (રહે. કાળીપાટ)ને ૭ લીટર દેશી દારૂ સાથે નાના નવા મેઈન શેરી પરથી ગજેસીંગ તલા પરમારને ૫ લીટર દારૂ સાથે વામ્બે આવાસની સામેથી અફજલ અશરફ શેખાણીને ૫ લીટર દેશી દારૂ સાથે રૈયાધાર રાધેશ્યામ ગૌશાળા પાસેથી વિશાલ વિસુ વાઘેલાને ૧૮ લીટર દેશી દારૂ સાથે તેમજ ગોવિંદ ભીખા ચાણક્ય, જાનુબેન રમેશ વાજલીયા, વસંતબેન પ્રવિણ સાડમીયા, વસંતબેનવાજેલીયા, ભુપત ધીરૂ વાઘેલા, રેખાબેન ભુપત ચૌહાણ અને રૂપલબેન મુકેશ મકવાણાને દેશી દારૂ સાથે ઝડપી પાડયા હતા.

જયારે રૈયાધાર દશામાંના મંદિરની પાસેથી જયાબેન રાયધન સાડીયાના મકાનમાંથી દેશી દારૂની ભઠ્ઠી પકડી દેશી દારૂનો જથ્થો પકડી પાડયો હતો. જયારે રૈયાધારમાંથી જ અન્ય બે દારૂની ભઠ્ઠીઓ પણ પકડી પાડી હતી. જયારે નશાની હાલતમાં વાહન ચલાવી નિકળેલા ગૌરવ સનત પાલા, સુરેશ જીવણ મકવાણા, આશીષ મનોજ સોલંકી, કાદીર ગામા શાહ, પ્રવિણ રાજા હિંગડા, અમરનાથ ભુષણપ્રકાશ, રોહીત પરસોતમ બાહુકીયા, ગૌરવ સનત પાલા અને દેવા વશા જખાણીયા સામે કાર્યવાહી કરી હતી. તેમજ ટ્રાફીક સમસ્યા ઉભા કરતા પાંચ વાહન ચાલકો સામે પણ ગુનો નોંધ્યો હતો.

# એચડીએફસી બેંકમાં ગ્રાહકો છ મહિનામાં રૂા.૧.૪૯ લાખની નકલી નોટ જમા કરાવી ગયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની અલગ-અલગ એચડીએફસી બેંકની બ્રાન્ચમાં છ માસના સમયગાળા દરમિયાન રૂ.૧.૪૯ લાખની બનાવટી નોટ જમાં થઈ જતાં બેંકના વાઇસ પ્રેસિડેન્ટે ભક્તિનગર પોલીસ મથકમાં અજાણ્યાં શખ્સો સામે ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગે ૧૫૦ ફટ રિંગરોડ પર કિડવાઈ નગરમાં રહેતાં દેવાંગ ચિમનલાલ મોટા (ઉ.વ.૫૩) એ ભક્તિનગર પોલીસ મથકે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ એચડીએફસી બેંક ભકિતનગર શાખામાં નવ વર્ષથી નોકરી કરે છે અને હાલ છેલ્લા બે મહીનાથી આસીસ્ટંટ વાઇસ પ્રેસિડેન્ટ તરીકે ફરજ બજાવે છે. તેઓની ફરજમાં ભકિતનગર સર્કલ તથા રાજકોટ શહેરની એચડીએફસી બેંકની તમામ શાખાઓની જે નોટો આવે તે બેંકના કરન્સી ચેસ્ટ બ્રાન્ચના મશીન દ્વારા તે નોટોનું ચેકીંગ બનાવટી છે કે કેમ ? તે અંગે તપાસણી કરવાનું તેમજ બનાવટી જે બ્રાન્ચોની નોટો નીકળે તે બનાવટી નોટો પોલીસને મોકલવાની હોય છે.

તેઓની કરન્સી ચેસ્ટ શાખામાં ઓગસ્ટ- ૨૦૨૩ થી જાન્યુઆરી- ૨૦૨૪ ના સમયગાળામાં રાજકોટ શહેરની અમારી બેંક જુદી-જુદી શાખાઓમાંથી જે નોટો જમા થવા આવેલ તેનું ચેકીંગ કરી સારી નોટો હોય તેના બંડલો કરી ફરી પાછા બ્રાન્ચોમાં મોકલવાનું તથા રદી નોટો હોય તે નોટો આર.બી.આઈ.ના નીયમ મુજબ આર.બી.આઈ.માં મોકલવાની કાર્યવાહી કરવાની હોય છે જેમાં અમારી એચ.ડી.એફ.સી. બેંકમાં આવેલ બનાવટી નોટો તેમજ એચ.ડી.એફ.સી. બેંકની બ્રાન્ચોમાં ભરણામાં બનાવટી ચલણી નોટો જમા થઈ છે. જેમાં ૨૦૦૦ ના દરની ૧૬ નોટ, ૫૦૦ ના દરની ૧૨૯ નોટ, ૨૦૦ ના દરની ૧૮૩ નોટ, ૧૦૦ ના દરની ૧૫૫ નોટ, ૫૦ ના દરની ૧૬ નોટ અને ૨૦ ના દરની એક નોટ મળી કુલ રૂ.૧,૪૯,૪૨૦ રૂપિયાની બનાવટી ચલણી નોટો જમા થતાં બેકમાં બનાવતી નોટ જમા કરનાર અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધાવ્યો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી ભક્તિનગર પોલીસની ટીમે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# રાજકોટની બાબરીયા કોલોનીમાં પટેલ પરિણીતાનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં બાબરીયા કોલોનીમાં રહેતી ૨૨ વર્ષીય પરિણીતાએ તેની બે વર્ષની પુત્રીની હાજરીમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં શ્રમિક પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.



આ અંગેની માહિતી મુજબ બાબરીયા કોલોનીમાં શ્યામ હોલ વાળી શેરીમાં રહેતા પૂજાબેન અર્જુનભાઈ પટેલ (ઉ.વ.૨૨) નામની પરિણીતા તેના પતિ અને બે વર્ષની પુત્રી સાથે રહે છે. ગઈકાલે તેમનો પતિ મોડી રાતે તેમના ઘર નજીક રહેતાં તેણીના સસરાના ઘરે આંટો મારવા ગયો હતો.બાદમાં બે વર્ષની પુત્રીની હાજરીમાં તેણીએ પંખાના હુકમાં ચુંદડી વડે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવ અંગે પડોશીને જાણ થતાં તેના પતિને જાણ કરી ઘરમાં જોતાં પરિણીતા લટકતી હાલતમાં જોવા મળી હતી.બાદમાં ૧૦૮ ને જાણ કરતાં તબીબની ટીમે પરિણીતાને તપાસી મૃત જાહેર કરી હતી.આ અંગે ભક્તિનગર પોલીસ મથકના એએસઆઈ હરદેવસિંહ રાયજાદા સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. મૃતકનો પરિવાર મૂળ બિહારનો વતની છે અને તેણીના લગ્ન ચાર વર્ષ પહેલાં અર્જુન સાથે થયાં હતાં.તેણીનો પતિ મજૂરીકામ કરે છે અને તેણીના સાસુ- સસરા પણ તેઓની બાજુમાં જ રહે છે. બનાવ અંગે પરિવાર પણ અજાણ હોવાનું રટણ કર્યું હતું.

બનાવનું કારણ જાણવા પોલીસે તપાસ હાથ ધરી છે.

# ચોટીલામાં પોલીસના નાઈટ પેટ્રોલીંગની પોલ ખોલતા તસ્કરો

## એક જ રાતમાં નવ દુકાનના તાળા તોડી બુકાનીધારી ત્રાટકયાઃ વેપારીઓમાં આક્રોશ

**મુખ્ય સમાચાર, ચોટીલા**

ચોટીલા શહેર પાસેથી સીકસ લેન હાઇવે પસાર થતો હોવાથી ૨૪ કલાક ધમધમતુ હોય છે. ત્યારે ચોટીલાના આણંદપુર, જશદણ મેઈન રોડ ઉપર મોડી રાત્રે બુકાનીધારી શખ્સોએ એક સાથે નવ દુકાનોને નિશાન બનાવી હતી. તસ્કર શખ્સો હાથમાં હથિયાર લઈને શટર લોક ખોલ્યા વગર વચ્ચેથી વાળીને ઉંચા કરી દુકાનમાં પ્રવેશતા દેખાય છે. મેઈન રોડની દુકાનોમાં અઢી કલાક સુધી તસ્કરોએ હાથફેરો કરતા હોવાથી નાઈટ પેટ્રોલિંગની પોલીસ અને રાત્રી ડયુટી વાળી હોમગાર્ડની ટીમ કોઇ દેખાયુ ન હતુ.



જેથી રાત્રે માત્ર કાગળ ઉપર જ હોમગાર્ડ જવાનો હાજરી પુરી નોકરી બતાવતા હોય એવુ લાગી રહયુ છે. તસ્કરોએ આ દુકાનોના તાળા તોડતા રૂ. ૨૫ હજાર રોકડની ચોરી કરી હતી. આમ ચોટીલા શહેરમાં એક સાથે નવ દુકાનોને નિશાન બનાવતા વેપારી-શહેરીજનોમાં ફફળાટ વ્યાપી ગયો હતો. આ બાબતની વધુ તપાસ ચોટીલા પોલીસ ચલાવી રહી છે.

# ગોંડલના કમઢિયા ગામે યુવાનની ગળે ટુપો દઈ હત્યા

## હત્યાના બનાવને હાર્ટ એેટેકમાં ખપાવી દેવા પ્રયાસઃ પિતાએ ફરિયાદ નોંધાવતા પત્ની શંકાના દાયરામાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલાના કમઢિયા ગામે અગાશી પર સુતેલા યુવાનને ગળેટુંપો દઈ મોતને ઘાટ ઉતારી દીધા બાદ બનાવને હાર્ટએટેકમાં ખપાવી દેવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ યુવાનના પિતાને શંકા જતા રાજકોટ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું જેમાં યુવાનનું ગળેટુપો દઈ હત્યા કરાઈ હોવાનું બહાર આવતા અંતે પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો છે. જ્યારે આ બનાવમાં મરનાર યુવાનની પત્નિ પર જ શંકા દર્શાવતા પોલીસે તે દિશામાં તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ ગોંડલના કમઢિયા ગામે રહેતા એન ખેતીકામ કરતા મુકેશભાઈ ડાયાભાઈ પરમાર નામના યુવાનની ગત તા. ૨૬-૫- ૨૩ના વહેલી સવારે તેના ઘરે અગાશી પરથી લાશ મળી આવી હતી. આ બનાવ અંગે યુવાની પત્નિએ હાર્ટએટેક આવ્યો હોવાનું યુવાનના પરિવારજનો કહ્યું હતું પરંતુ યુવાનના પિતા ડાયાભાઈ બેચરભાઈ પરમાર ઉ.વ.૭૦ને શંકા જતાં પોલીસને જાણ કરી હતી. યુવાનની લાશને પોસ્ટમોર્ટમ અર્થે રાજકોટની હોસ્પિટલમાં મોકલી આપવામાં આવ્યો હતો જેમાં યુવાનને ગળેટુપો દઈ હત્યા કરી હોવાનું જણાવતા પોસ્ટમોર્ટમ રિપોર્ટના આધારે ગોંડલ તાલુકા પોલીસે ડાયાભાઈ બેચરભાઈ પરમારની ફરિયાદ પરથી હત્યાનો ગુનો નોધ્યો છે. જેમાં શકદાર તરીકે મરનાર મુકેશભાઈ પરમારની પત્ની કંચનબેનનું જ નામ આપવામાં આવ્યું છે. પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે તા. ૨૫ના રોજ સાંજે ફરિયાદી ગામના પાદરે બેઠા હતા ત્યારે પુત્ર મુકેશ બાઈક લઈ ત્યાંથી નિકળ્યો હતો અને પિતાને સવારે હું બહારગામ જાવ છું તમે ખાતર લઈ લેજો તેમ કહી નિકળી ગયો હતો ત્યાર બાદ રાત્રીના ત્રણ વાગ્યે મુકેશભાઈની પત્નિનો ફરિયાદી પર ફોન આવ્યો હતો અને તમારા દિકરાને કઈક થઈ ગયું છે તમે જલ્દી ઘરે આવો તેમ કહી રોવા લાગ્યા હતાં. પુત્રવધુનો ફોન આવતા રાત્રીના ત્રણ વાગ્યે ફરિયાદી પુત્રના ઘરે પહોંચ્યા ત્યારે પુત્રવધુએ તમારા દિકરા છત ઉપર સુતા હતા ત્યારે તેમને હાર્ટએટેક આવ્યો છે. તેમ કહ્યું હતું ફરિયાદીએ મકાનની છત ઉપર ગયા ત્યારે પુત્ર ખાટલામાં સુતો હતો એન તેના ગળામાં ચુંદડી વીટાયેલી હતી જ્યારે મોઢાના ભાગે અને ગળાના ભાગે ઉજરડાના નિશાન હોય બનાવ હાર્ટએટેકનો નહીં પરંતુ હત્યાો હોવાની શંકા જતા પોલીસને જાણ કરી હતી.

તાલુકા પોલીસે હત્યાનો ગુનો નોંધી બનાવનું કારણ જાણવા મૃતક યુવાનની પત્ની કંચનબેનની અટકાયત કરી સઘન પુછપરછ હાથ ધરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં મરનાર યુવાન ત્રણ ભાઈ એક બહેનમાં ત્રીજા નંબરનું હોવાનું અને તેને સંતાનમાં એક દિકરો અને એક દિકરી હોવાનું જાણવા મળ્યું છે. ગોંડલ તાલુકાના પીએસઆઈ જે.એમ. ઝાલા ચલાવી રહ્યા છે.

# ૧૭ વર્ષની સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ કરવાના ગુનામાં નટરાજનગરના શખ્સને આજીવન કેદની સજા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રહેતી ૧૭ વર્ષની સગીરાને લલચાવી ફોસલાવી અપહરણ કરી દુષ્કર્મ આચરવાના ગુનામાં આરોપી રોહિત ચૌહાણને અદાલતે આજીવન કેદની સજા અને રૂ.૨૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં નટરાજ નગર વિસ્તારમાં રહેતા આરોપી રોહિત ભાવેશભાઈ ઉર્ફે ભાવસિગભાઈ ભીખાભાઈ ચૌહાણ નામના શખ્સે જામનગર રોડ ઉપર રહેતી ૧૭૭ વર્ષની સગીરાને લલચાવી ફોસલાવી પ્રેમ જાળમાં ફસાવી હતી અને બાદમાં સગીરાને અમદાવાદ, ભાવનગર, સુરત, વડોદરા અને દામનગર સહિતની જગ્યાએ લઈ જઈ શરીર સંબંધ બાંધ્યો હતા. ભોગ બનનાર સગીરાના પિતાએ પોલીસ ચોપડે અપહરણની ફરિયાદ નોંધાવી હતી પોલીસે ફરિયાદના આધારે એક માસ બાદ આરોપી રોહીત ચૌહાણને ભોગ બનનાર સગીરા સાથે ઝડપી લીધો હતો અને સગીરાએ આપવીતી વર્ણવતા આરોપી રોહિત ચૌહાણ વિરુદ્ધ પોકસો એક્ટની કલમનો ઉમેરો કરવામાં આવ્યો હતો જે કેસમાં આરોપી સામે પૂરતો પુરાવો મળતા તપાસ અધિકારી દ્વારા કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવ્યું હતું. ચાર્જશીટ બાદ કેસ અદાલતમાં ચાલવા ઉપર આવતા ભોગ બનનાર, ફરિયાદી, તપાસ અધિકારી, ડોક્ટર અને જન્મ મરણ વિભાગના અધિકારી સહિતનાની જુબાની અને સરકારી વકીલ મહેશભાઈ જોષીએ આશરે ૧૫ જેટલા મહત્વના દસ્તાવેજી પુરાવો રજુ કરી કરેલી ધારદાર દલીલો તેમજ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓને ધ્યાને લઈ પોકસો કોર્ટના ન્યાયાધીશ બી.બી. જાદવે આરોપીને આરોપી રોહિત ચૌહાણને તકસીરવાન ઠેરવી આજીવન કેદની સજા અને રૂ.૨૦ હજારનો દંડ ફટકાર્યો હતો તેમજ દંડની રકમમાંથી ૫૦ ટકા રકમ ભોગ બનનાર સગીરાને વળતર પેટે ચૂકવવા તેમજ જીવીસીએસ ૨૦૧૯ મુજબ ભોગ બનનારને રૂ.૩ લાખ ચૂકવવા હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ મહેશભાઈ જોષી રોકાયા હતા.

# ગંજીવાડાની યુવતીનું છરીની અણીંએ જામનગરના શખ્સોએ ર્ક્યું અપહરણ

## ચુનારાવાડમાં મહિલાના ઘર પર પથ્થરમારો કરી દસ શખ્સોએ મચાવ્યો આતંક

**મુખ્ય સમાચાર રાજકોટ**

સામાકાંઠે ભાવનગર રોડ પર ગંજીવાડામાં રહેતી યુવતીનું પૂર્વ મંગેતર સહિત ચાર શખ્સોએ છરીની અણીંએ અપહરણ કરી જામનગર લઈ જઈ બળજબરીથી લગ્ન કરી લીધાની ફરિયાદ થોરાળા પોલીસમાં નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ ગંજીવાડા શેરી-૩૦માં રહેતી નાજમીનબેન રફીકભાઈ જનર નામની ૨૦ વર્ષીય યુવતીએ થોરાળા પોલીસમાં જામનગરનો ઓસામાં સલીમ કોલીયા, સલીમ કોલયા, નફીજા સલીમ કોલીયા, અને મહમદ સહિતના વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, અગાઉ ચાર વર્ષ પહેલા ઓસામાં સાથે સગાઈ થઈ હોય છેલ્લા બે વર્ષથી સગાઈ તુટી ગઈ હોય તેમ છતા આ શખ્સે ફોન કરી લલચાવી ફોસલાવી મળવાને બહાને બોલાવી બાદમાં છરીને અણીંએ આ ચારેય શખ્સો અપહરણ કરી જઈ જામનગર લઈ ગયા હતા. અને તેના ભાઈ અકબરને જાનથી મારી નાખવાની ધમકી આપી છરી બતાવી બળજબળીથી લગ્ન કરી લઈ બાદમાં રાજકોટ મૂકી ગયા હતા. આ બનાવના પગલે પીએસઆઈ એચ.કે.રાવલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જ્યારે એક બનાવમાં ચુનારાવાડમાં રહેતી મુનીબેન રાજુભાઈ બારા નામની મહિલા ગઈકાલે પોતાના ઘરે હતી ત્યારે પાડોશમાં રહેતો ગોપાલ રમેશ બારા, મનિષ જગુ, જાદવ, કરણ, રેખાનો દિકરો, કૈયલો, ભાવેશ રોહિત અને તેનો ભાઈ કાનો સહિતના દસ શખ્સોએ મકાન પર કાચની બોટલો અને પથ્થરના છૂટા ઘા કરી સીસીટીવી કેમેરા તોડી નાખી નુકસાન કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા થોરાળા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઈ એચ.ટી.ઝીજારાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# કુવાડવા ગામે ૧૧૨ બોટલ વિદેશી દારૂ રેઢો મૂકી બુટલેગર ફરાર

## એક્ટીવામાં વિદેશી દારૂની ૪૮ બોટલ લઈ ડિલિવરી આપવા આવતા બે શખ્સોની ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

કુવાડવા ગામમાં આવેલા કૈલાશ પાર્કમાં અને ભાવનગર રોડ પર બેડીપરામા વિદેશી દારૂના જથ્થા સાથે ત્રણ શખ્સોની પોલીસે ધરપકડ કરી અન્ય બે શખ્સોની શોધખોળ આદરી છે.

આ અંગેની માહિતી મુજબ કુવાડવા ગામે પીએસઆઈ ડી.વી.ભગોરા સહિતના સ્ટાફે કૈલાશ પાર્ક શેરી-૨ માં રહેતો મનસુખ પુંજા પરાલીયાના રહેણાંક મકાનમાં દરોડો પાડતા વિદેશી દારૂની ૧૧૨ બોટલ કિંમત રૂ.૭૨ હજારનો મુદામાલ મળી આવતા પોલીસે મનસુખ પરાલીયાની શોધખોળ શરૂ કરી છે.

જ્યારે અન્ય બનાવમાં ભાવનગર રોડ પર બેડીપરામાં બી ડિવિઝન પોલીસના હેડ કોન્સ્ટેબલ એચ.એમ.કોઠીવાડ અને નરેશભાઈ ચાવડા સહિતના સ્ટાફે પેટ્રોલિંગ દરમિયાન એકટીવા નંબર જીજેરુકેએમપ૭૯૬માં મયુર રમેશ ધામલીયા(રહે.શ્રી પાર્ક સોસાયટી મોરબી રોડ)અને રવિ ચંદુ બાબરીયા(રહે.બેડીપરા સંતીષી માતાની મંદિર વાળી શેરી ભાવનગર રોડ)નામના બંને શખ્સોને અટકાવી એક્ટીવાની તલાસી લેતા ૪૮ બોટલ વિદેશી દારૂ મળી આવતા પોલીસે બંનેની ધરપકડ કરી ૪૨ હજારનો મુદામાલ કબજે ર્ક્યો હતો. વધુ પૂછપરછમાં દારૂનો જથ્થો સંતોષ નામના શખ્સે આપ્યા હોવાની કબૂલાત આપતા પોલીસે આ શખ્સની શોધખોળ આદરી છે.

# જેતપુરમાં દારૂના હાટડા બંધ કરાવોઃ આવેદન પત્ર અપાયું

## ડાઈંગ એસો. દ્વારા નશા કરતા કારીગરોને કામ ન આપવા સરકયુલર જારી કરાયો

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરમાં ખુલ્લેઆમ ચાલતા દેશી વિદેશી દારૂના હાટડાઓથી મજૂર, કારીગરોના પરિવારો બરબાદ થઈ રહ્યા ગુન્હાખોરી વધી રહી હોવાનુ આવેદનપત્ર મહિલા સમિતિએ ડાઈગ એસોસિએશનને આપતા ડાઈગ એસો.ને દારૂના હાટડા બંધ કરાવવા પોલીસને આવેદન આપ્યું હતું. જેતપુર ઔદ્યોગીક શહેર છે અને અહી ત્રણેક હજાર જેટલા સાડીઓના કારખાના આવેલ છે. જેમાં સ્થાનીકોથી લઇ પરપ્રાંતીય સહિત ૭૫ હજાર થી લાખ લોકો સાડીઓના કારખાનાઓમાં જુદા જુદા પ્રકારની મુજુરી કામ કરે છે. મોટાભાગના શ્રમીકોને દારૂના વ્યસન કરવાની આદત પડી ગઈ છે. જેના લીધે ગુન્હાખોરીનું પ્રમાણ ખુબ જ વધી ગયું છે.. આવી અસામાજિક પ્રવૃત્તિ રોકવી ડાઈંગ એન્ડ પ્રિન્ટિંગની પણ જવાબદારી બનતી હોય મહિલા સમિતિ દ્વારા શારદાબેન વેગડાની આગેવાનીમાં ડાઈંગ એસોસિએશનને નશાનો કાળો કારોબાર રોકવાની માંગ સાથેનું આવેદનપત્ર આપ્યું હતું.

મહિલા સમિતિના આવેદનના અનુસંધાને જેતપુર ડાઈગ એસોસિએશને ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનને એક આવેદનપત્ર આપી ખુલ્લેઆમ ચાલતા દારૂના હાટડા બંધ કરાવવા માંગ કરી હતી. તેમજ દારૂ પિને કે નશો કરીને આવતા કારીગરોને કામ ન આપવું તેવો સાડીઓના તમામ કારખાનાઓને એક સર્ક્યુલર દ્વારા જાણ કરી હતી.

# પરસાણાનગરમાં પરિણિતા અને જીવાપર ગામે યુવાનનો આપઘાત

**મુખ્ય સમાચાર રાજકોટ**

આહિર ચોક પાસે આવેલા પરસાણાનગરમાં પરિણિતાએ અને જીવાપર ગામે યુવાને ગળાફાસો ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી પ્રસરી જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ આહિર ચોક પાસે આવેલા પરસાણાનગર શેરી-૪માં રહેતી શીલાદેવી મનીન્દરસિંગ ચૌહાણ ઉ.વ.૨૪ નામની પરિણિતાએ ગળાફાસો ખાઈ આપઘાત કરી લીધા હોવાની જાણ તેના પતી મનીન્દરસિંગએ પોલીસને કરતા ભક્તિનગર પોલીસના પીએસઆઈ પી.જી.રોહરીયા સહિતનો સ્ટાફ દોડી ગયા હતા બનાવની જાણ ૧૦૮ કરવામાં આવતા ટી.એમ.ટી.અતુલભાઈ કુકડીયાએ મહિલાને જોઈ તપાસી મૃતક જાહેર કરાઈ હતી. પોલીસે પ્રાથમિક તપાસ કરતા આપઘાત કરનાર મહિલાના લગ્ન પાંચ વર્ષ પહેલા થયા હતા. અને તેને સંતાનમાં ત્રણ પુત્રીઓ હોવાનું જાણવા મળ્યું છે.

જયારે અન્ય એક બનાવમાં રાજકોટના જીવાપર ગામે આવેલા વિન્સરવિલાની બાજુમાં વાડીએ નરેશ શ્યામજીભાઈ જાડા નામના યુવાને ગઈકાલે વાડીએ કોઈ અગમ્ય કારણોસર ગળેફાસો ખાઈ લેતા સારવારમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા ફરજ પરના તબીબોએ મૃતક જાહેર ર્ક્યો હતો. બનાવના પગલે એરપોર્ટ પોલીસના એએસઆઈ જે.એલ.બાળાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT